**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==============================================================

[૨૦૦૮] ૭ એસ.સી.આર. ૩૦૮

ટાટા ટેલીસર્વિસીસ લિ.

વિરુદ્ધ

ભારત સંચાર નિગમ લિ. અને અન્ય

(સિવિલ અપીલ નં. ૫૮૫૦/૨૦૦૫ વગેરે)

એપ્રિલ ૩૦, ૨૦૦૮

**[એસ.એચ. કાપડિયા અને બી. સુદર્શન રેડ્ડી, ન્યાયમૂર્તીઓ]**

*ટેલિકોમ્યુનિકેશન ઇન્ટરકનેક્શન યુઝેજ ચાર્જીસ રેગ્યુલેશન ૨૦૦૩ – એક્સેસ ડેફિસિટ ચાર્જીસ (એડીસી) – લાદવા બાબત – ડબલ્યુએલએલ(એમ) ની શ્રેણીમાં આવતી સેવાઓ પર – 'વોકી' હેઠળ પૂરી પાડવામાં આવતી સેવાઓને ડબલ્યુએલએલ(એમ) ગણીને તેના પર લાદવા બાબત – સેવા પ્રદાતાઓને પ્રિમાઇસીસ સ્પેસિફિક રિસ્ટ્રિક્શન્સ (પીએસઆર) નું પાલન કરવાનો નિર્દેશ આપતા ટ્રાય (TRAI) ના પરિપત્ર અને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન*

*(ડીઓટી) દ્વારા જારી કરાયેલા નિર્દેશોને અનુસરીને – એવા કારણોસર પડકારવામાં આવેલ કે પ્રશ્નાધીન સેવાનું ટ્રાયના પરિપત્ર દ્વારા પુનઃવર્ગીકરણ કરવામાં આવ્યું છે, જેનાથી જે લાયસન્સ હેઠળ સેવા લેવામાં આવી હતી તેની શરતો અને નિયમોમાં ફેરફાર થાય છે; અને તે વર્ગીકરણ અધિકાર વિનાનું અને એકપક્ષીય હતું – ઠેરવ્યું: 'વોકી' હેઠળની મર્યાદિત ગતિશીલતા (મોબિલિટી) ધરાવતી સેવાઓ ડબલ્યુએલએલ(એમ) સેવાની શ્રેણીમાં આવે છે – સેવા પ્રદાતાઓ સંબંધિત સમયગાળા દરમિયાન એફડબલ્યુએ ડબલ્યુએલએલ(એફ) ના ઓઠા હેઠળ ડબલ્યુએલએલ(એમ) સેવાઓ પૂરી પાડી રહ્યા હતા – તેથી, સંબંધિત સમયગાળા માટે એક્સેસ ડેફિસિટ ચાર્જીસ (એડીસી) વસૂલવાપાત્ર છે – ટ્રાય દ્વારા જારી કરાયેલ પરિપત્ર સ્પષ્ટીકરણરૂપ છે અને સુધારાત્મક નથી – તેણે 'વોકી' ને પ્રથમ વખત ડબલ્યુએલએલ(એમ) તરીકે પુનઃવર્ગીકૃત કર્યું નથી અને આમ તે યુનિફાઇડ એક્સેસ સર્વિસ (યુએએસ) લાયસન્સની શરતો અને નિયમોમાં ફેરફાર કરતો નથી – તે કાયદા અનુસાર જારી કરવામાં આવ્યો હતો – ટેકનોલોજીના પાસા અને એડીસી લાદવા માટેના નીતિગત માળખાને ધ્યાને લેતા, કોઈ એકપક્ષીયતા નથી – ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૯૭ – કલમો ૧૧ અને ૧૩.*

**સામાવાળા (બીએસએનએલ) એ અપીલકર્તા પાસેથી તેના 'વોકી' બ્રાન્ડ નામ હેઠળ પૂરી પાડવામાં આવતી સેવાના સંદર્ભમાં ૧૪.૧૧.૨૦૦૪ થી ૨૬.૮.૨૦૦૫ ના સમયગાળા માટે એક્સેસ ડેફિસિટ ચાર્જીસ (એડીસી) ની માંગણી કરી હતી. અપીલકર્તાએ એવા કારણોસર માંગણીનો વિરોધ કર્યો કે 'વોકી'**

એ ફિક્સ્ડ વાયરલેસ ફોન ડબલ્યુએલએલ(એફ) છે, જે તેની વિશેષતા તરીકે પોર્ટેબિલિટી ધરાવે છે અને તેથી તેને ડબલ્યુએલએલ(એમ) તરીકે વર્ગીકૃત કરી શકાય નહીં. અપીલકર્તાએ ટેલિકોમ ડિસ્પ્યુટ્સ સેટલમેન્ટ એન્ડ એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ વિવાદ ઉઠાવ્યો જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે નિયામક વ્યવસ્થા હેઠળ 'વોકી' કોલ્સ પર એડીસી લાગુ પડે છે. તેથી હાલની અપીલ.

અપીલકર્તાએ અન્ય બાબતોની સાથે સાથે એવી રજૂઆત કરી હતી કે સાધન (ઈન્સ્ટ્રુમેન્ટ) ને મોબાઈલ ફોન તરીકે વર્ગીકૃત કરીને અપીલકર્તાઓ પર એકપક્ષીય રીતે એડીસીની જવાબદારી લાદવાની સામાવાળા પાસે કોઈ સત્તા નહોતી; માંગણી ગેરસમજભરી હતી કારણ કે તેના વર્ગીકરણ સંબંધિત વિવાદ સત્તામંડળ સમક્ષ ન્યાયધીન (સબ–જ્યુડિસ) હતો; એક સાધન તરીકે 'વોકી' પોર્ટેબલ છે, મોબાઈલ નથી અને તેથી તેને ડબલ્યુએલએલ(એમ) તરીકે વર્ગીકૃત કરી શકાય નહીં; ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાય) એ તારીખ ૪.૩.૨૦૦૫ ના પરિપત્ર દ્વારા 'વોકી' નું ડબલ્યુએલએલ(એમ) તરીકે પુનઃવર્ગીકરણ કર્યું છે અને તેના દ્વારા યુએએસ લાયસન્સ અને ટેલિકોમ્યુનિકેશન ઈન્ટરકનેક્શન યુઝેજ ચાર્જીસ રેગ્યુલેશન ૨૦૦૩ (આઇયુસી રેગ્યુલેશન્સ) ની શરતો અને નિયમોમાં સુધારો કર્યો છે.

સામાવાળા–બીએસએનએલે અન્ય બાબતોની સાથે એવી રજૂઆત કરી હતી કે બીએસએનએલ દ્વારા કરવામાં આવેલી માંગણીમાં કોઈ એકપક્ષીયતા નહોતી, કારણ કે તે માંગણી ટ્રાય અને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન (ડીઓટી) દ્વારા

અનુક્રમે તારીખ ૪.૩.૨૦૦૫ નો પરિપત્ર અને તારીખ ૨૩.૩.૨૦૦૫ તથા ૨૬.૮.૨૦૦૫ ના નિર્દેશો જારી કર્યા પછી જ કરવામાં આવી હતી; અપીલકર્તા દ્વારા ડીઓટીના તારીખ ૨૬.૮.૨૦૦૫ ના હુકમ/નિર્દેશનું પાલન એ બાબત દર્શાવે છે કે ખુદ અપીલકર્તાઓના મતે પણ, તે સેવા એટલે કે ડબલ્યુએલએલ(એમ) ના સંદર્ભમાં એડીસી ચૂકવવાપાત્ર હતો અને તેથી, એવું કહેવું યોગ્ય નહોતું કે લાયસન્સની શરતો અથવા ૨૦૦૩ ના રેગ્યુલેશન્સમાં ફેરફાર કર્યા વિના એડીસી વસૂલી શકાય નહીં.

અપીલોને ફગાવી દેતા, કોર્ટે

ઠેરવેલ કે ૧.૧ 'વોકી' સાધન મારફત અપીલકર્તાઓની સેવાઓ ડબલ્યુએલએલ(એમ) સેવાની શ્રેણીમાં આવે છે અને તે મુજબ, અપીલકર્તાઓ સંબંધિત સમયગાળા એટલે કે ૧૪.૧૧.૨૦૦૪ થી ૨૬.૮.૨૦૦૫ દરમિયાન તે સંબંધમાં એક્સેસ ડેફિસિટ ચાર્જીસ (એડીસી) ચૂકવવા માટે જવાબદાર રહેશે. [પેરા ૪૯] [૩૬૪–એ, બી]

૧.૨ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા (ટ્રાય) દ્વારા તારીખ ૪.૩.૨૦૦૫ નો નિર્દેશ તમામ એક્સેસ પ્રદાતાઓને જારી કરવામાં આવ્યો હતો. સદર નિર્દેશ એટલા માટે જારી કરવામાં આવ્યો હતો કારણ કે ટ્રાયના ધ્યાને લાવવામાં આવ્યું હતું કે એક્સેસ પ્રદાતાઓ દ્વારા નવા ટર્મિનલ્સ તૈનાત કરવામાં આવી રહ્યા હતા જે ટર્મિનલ્સ ગ્રાહકના સરનામે ભૌતિક રીતે સ્થિત કોઈ ફિક્સ્ડ નેટવર્ક એક્સેસ પોઇન્ટ ધરાવતા નથી. સદર પરિપત્રમાં, ટ્રાયે નોંધ્યું હતું કે નેટવર્ક

એક્સેસ પોઇન્ટનું સ્થાન નિશ્ચિત હોય અને અંતિમ–વપરાશકર્તા ટર્મિનલ તેની સાથે જોડાયેલું હોય તેવા ફિક્સ્ડ વાયરલેસ ટર્મિનલ્સ દ્વારા ફિક્સ્ડ વાયરલેસ સેવાઓ પૂરી પાડવી જરૂરી હતી. ટ્રાયના ધ્યાને લાવવામાં આવ્યું હતું કે અમુક એક્સેસ પ્રદાતાઓ દ્વારા નવા ટર્મિનલ્સ તૈનાત કરવામાં આવી રહ્યા હતા જે ગ્રાહકના પરિસરમાં ભૌતિક રીતે સ્થિત ફિક્સ્ડ નેટવર્ક એક્સેસ પોઇન્ટ ધરાવતા નહોતા. તેથી, સદર પરિપત્ર દ્વારા, ટ્રાયે સેવા પ્રદાતાઓને સખત રીતે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો કે ફિક્સ્ડ વાયરલેસ સેવાઓ માટે ઉપયોગમાં લેવાતા ટર્મિનલે પ્રિમાઈસીસ સ્પેસિફિકેશન રિસ્ટ્રિક્શનનું, એટલે કે ગ્રાહકના પરિસર પૂરતું સખતપણે પાલન કરવું જોઈએ. તારીખ ૪.૩.૨૦૦૫ ના પરિપત્રને પગલે ડીઓટી દ્વારા તારીખ ૨૩.૩.૨૦૦૫ અને ૨૬.૮.૨૦૦૫ ના પત્રો પાઠવવામાં આવ્યા હતા. [પેરા ૩૮] [૩૫૬–એફ, જી; ૩૫૭–એ–ડી]

૧.૩ ટ્રાય દ્વારા જારી કરાયેલ તારીખ ૪.૩.૨૦૦૫ નો પરિપત્ર સ્પષ્ટીકરણરૂપ છે અને સુધારાત્મક નથી. પરિપત્રમાં, ટ્રાયે ટેલિકોમ્યુનિકેશન્સમાં સામાન્ય રીતે વપરાતા અમુક તકનીકી શબ્દોનો ઉપયોગ કર્યો છે જેમ કે 'નેટવર્ક એક્સેસ પોઇન્ટ', 'એન્ડ–યુઝર ટર્મિનલ' અને 'ફિક્સ્ડ નેટવર્ક એક્સેસ પોઇન્ટ'. આ શબ્દો છેક ૧૯૯૬ માં ઘડવામાં આવેલી સામાન્ય જરૂરિયાતો (જેનરિક રિક્વાયરમેન્ટ્સ) માં સ્થાન પામેલા છે. તેઓ આઈટીયુ–આરસીએ (**ITU–RCA**) દ્વારા ઘડવામાં આવેલા વાયરલેસ એક્સેસના સિદ્ધાંતોમાં પણ સ્થાન પામેલા છે. ટેકનિકલ સંદર્ભો તેમજ આઈટીયુ–આરસીએ દ્વારા ઘડવામાં આવેલા વાયરલેસ એક્સેસના સિદ્ધાંતો

બંનેમાં આપવામાં આવેલી વ્યાખ્યાઓને ધ્યાનમાં રાખતા, એ સ્પષ્ટ છે કે પ્રિમાઇસીસ સ્પેસિફિક રિસ્ટ્રિક્શન ("પીએસઆર") એવું કંઈક નવું નથી જે તારીખ ૪.૩.૨૦૦૫ ના પરિપત્ર દ્વારા પ્રથમ વખત વિકસિત થયું હોય. સારાંશમાં, પીએસઆર એ ટેલિકોમ્યુનિકેશન્સમાં તકનીકી સંદર્ભો તેમજ સામાન્ય જરૂરિયાતોની દ્રષ્ટિએ અને વાયરલેસ એક્સેસના સિદ્ધાંતોની દ્રષ્ટિએ સુવિદિત એવા ખ્યાલોમાંથી ઉદ્ભવે છે. [પેરા ૩૯ અને ૪૦] [૩૫૭–ડી–એચ; ૩૫૮–એ, બી]

૧.૪ વ્યાપક રીતે એફડબલ્યુએ ને ડબલ્યુએલએલ(એફ) કહેવામાં આવે છે. યુએએસ લાયસન્સ વાયરલેસ સેવાઓના ત્રણ પ્રકારોનો સંદર્ભ આપે છે, એટલે કે, સંપૂર્ણ ગતિશીલતા (ફૂલ મોબિલિટી), મર્યાદિત ગતિશીલતા (લિમિટેડ મોબિલિટી) અને એફડબલ્યુએ. જણાવ્યા મુજબ, એફડબલ્યુએ માં, અંતિમ–વપરાશકર્તા (વોકી) નું સ્થાન અને નેટવર્ક એક્સેસ પોઇન્ટ (અંતિમ–વપરાશકર્તા સાથે જોડાયેલ એન્ટેના) બંને નિશ્ચિત હોય છે જ્યારે મોબાઇલ વાયરલેસ એક્સેસના કિસ્સામાં, અંતિમ–વપરાશકર્તાનું સ્થાન મોબાઇલ (ગતિશીલ) હોય છે. ડબલ્યુએલએલ(એમ) એ એફડબલ્યુએ અને એમડબલ્યુએ વચ્ચેનું એક સંકર (હાઈબ્રિડ) છે. વાયરલેસ એક્સેસને ઘણા દ્રષ્ટિકોણથી ધ્યાનમાં લઈ શકાય છે. [પેરા ૪૦] [૩૫૮–બી, સી]

૧.૫ એફડબલ્યુએ [ડબલ્યુએલએલ(એફ)] નો મુખ્ય હેતુ સેન્ટ્રલ રેડિયો બેઝ સ્ટેશનો સાથે સંચાર કરતા બાહ્ય એન્ટેના દ્વારા ઇમારતોને નેટવર્ક એક્સેસ પૂરો પાડવાનો છે. એફડબલ્યુએ માં, ઇમારતમાં રહેલા વપરાશકર્તાઓને પરંપરાગત

ઈન–બિલ્ટ નેટવર્ક્સ સાથે નેટવર્ક સાથે જોડાવાની મંજૂરી આપવામાં આવે છે. એફડબલ્યુએ એક સેવા છે. તે વધારાની સુવિધાઓ વિના, સસ્તા કેબલ રિપ્લેસમેન્ટ તરીકે અભિપ્રેત છે. વાયરલેસ સિસ્ટમો વપરાશકર્તાઓ માટે તેઓ કેટલી ગતિશીલતાની મંજૂરી આપે છે તેના આધારે અલગ પડે છે. એફડબલ્યુએ સિસ્ટમ એ કોર્ડલેસ ફોનનું વ્યુત્પન્ન છે. એફડબલ્યુએ માં વપરાશકર્તાના ઉપકરણોની કોઈ ગતિશીલતા હોતી નથી. અહીં જ પીએસઆર નો ખ્યાલ/સિદ્ધાંત ઉદ્ભવે છે. ગતિશીલતા (મોબિલિટી) અને સુવાહ્યતા (પોર્ટેબિલિટી) વચ્ચે તફાવત છે. ટર્મિનલ પોર્ટેબલ હોઈ શકે છે પરંતુ દરેક પોર્ટેબલ ઉપકરણ મોબાઇલ હોતું નથી. ટ્રાય દ્વારા જારી કરાયેલ તારીખ ૪.૩.૨૦૦૫ ના પરિપત્રમાં ઉલ્લેખિત વિભાવનાઓ ટેલિકોમ્યુનિકેશન્સમાં છેક ૨૦૦૧ થી અસ્તિત્વ ધરાવે છે. સદર પરિપત્ર માત્ર પ્રિમાઈસીસ સ્પેસિફિક રિસ્ટ્રિક્શન (પીએસઆર) ના ખ્યાલને સ્પષ્ટ કરે છે અને સામે લાવે છે. [પેરા ૪૦] [૩૫૮–ડી, ઈ, એફ, જી]

૧.૬ વર્ગીકરણ યુએએસ લાયસન્સ દ્વારા કરવામાં આવે છે અને ત્યારબાદ ટેલિકોમ્યુનિકેશન ઈન્ટરકનેક્શન યુઝેજ ચાર્જીસ રેગ્યુલેશન ૨૦૦૩ (આઈયુસી રેગ્યુલેશન્સ) હેઠળ આકારણીપાત્રતા નક્કી થાય છે. તેથી, એવું કહેવું ખોટું હશે કે તારીખ ૪.૩.૨૦૦૫ ના પરિપત્ર દ્વારા ટ્રાય દ્વારા પ્રથમ વખત 'વોકી' ને ડબલ્યુએલએલ(એમ) તરીકે પુનઃવર્ગીકૃત કરવામાં આવ્યું છે. જો એફડબલ્યુએ [ડબલ્યુએલએલ(એફ)] ની વિભાવના પીએસઆર ને સમાવિષ્ટ કરતી હોય અને તે પણ ૨૦૦૩ થી, તો તે સ્પષ્ટ છે કે તારીખ ૪.૩.૨૦૦૫ નો સદર પરિપત્ર

સ્પષ્ટીકરણરૂપ છે. તે લાયસન્સની શરતો અને નિયમોમાં ફેરફાર કરતો નથી. એફડબલ્યુએ એ જુલાઈ, ૨૦૦૩ ના યુએએસ લાયસન્સ દ્વારા વિચારવામાં આવેલી વાયરલેસ સેવાઓ પૈકીની એક છે, તેથી, તારીખ ૪.૩.૨૦૦૫ ના પરિપત્રના ઘણા સમય પહેલાથી આ ખ્યાલો છેક ૨૦૦૩ થી તમામ એક્સેસ પ્રદાતાઓને જ્ઞાત હતા. [પેરા ૪૨] [૩૫૯–સી, ડી, ઈ]

૧.૭ એડીસી એક લેવી (કર/ઉપકર) છે. તેની વસૂલાત સેવાના લક્ષણ તરીકે ગતિશીલતા પર આધારિત છે. નંબરિંગ પ્લાન, રેડિયો ફ્રીક્વન્સી વગેરે તમામ નેટવર્કના મહત્વપૂર્ણ તત્વો છે. ફિક્સ્ડ વાયરલેસ સેવાઓ માટે અને ડબલ્યુએલએલ(એમ) સેવાઓ માટે નંબરિંગ સ્તરો અલગ અલગ છે. તેવી જ રીતે ફિક્સ્ડ વાયરલેસ સેવા, મર્યાદિત ગતિશીલતા સેવા અને સંપૂર્ણ ગતિશીલતા સેવા માટે નંબરિંગ સ્તરો અલગ અલગ છે. કૉલ મોબાઈલમાંથી ઉદ્ભવે છે કે 'વોકી' માંથી કે એફડબલ્યુએ માંથી તેની ઓળખ નંબરિંગ પ્લાન સાથે સહસંબંધ ધરાવે છે જે અપીલકર્તાના તેના એમએસસી (**MSC**) માં નેટવર્કનું એક મહત્વપૂર્ણ તત્વ છે. એડીસી લાદવા માટે, નંબરિંગ પ્લાનની અખંડિતતા ખૂબ મહત્વપૂર્ણ છે. [પેરા ૪૩] [૩૫૯–એફ–એચ; ૩૬૦–એ]

૧.૮ હાલના કેસમાં, ટ્રાય દ્વારા શોધી કાઢવામાં આવ્યું છે કે અપીલકર્તા ફિક્સ્ડ વાયરલેસ ફોન સેવા (એફડબલ્યુએ) ના ઓઠા હેઠળ ડબલ્યુએલએલ(એમ) સેવા પૂરી પાડી રહ્યો છે જે નંબરિંગ પ્લાનની અખંડિતતાને ખલેલ પહોંચાડે છે. ફિક્સ્ડ વાયરલેસ સેવામાં દરની તુલનાએ અને મર્યાદિત ગતિશીલતાના કિસ્સામાં

દરની તુલનાએ સંપૂર્ણ ગતિશીલતાના કિસ્સામાં દર અલગ છે. દરોમાં આ તફાવત આઇયુસી રેગ્યુલેશન, ૨૦૦૩ માં દર્શાવવામાં આવ્યો છે. આ જ કારણસર ડીઓટી દ્વારા તારીખ ૨૩.૩.૨૦૦૫ ના રોજ જારી કરાયેલા સ્પષ્ટીકરણમાં પણ, એક્સેસ પ્રદાતાઓને એ નિર્દેશ કરીને ચેતવણી આપવામાં આવી હતી કે ગતિશીલતાના મુદ્દાને એડીસીની પ્રયોજ્યતા સાથે સંબંધ છે. વધુમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે જો એક્સેસ પ્રદાતા માટે પીએસઆર ની આવશ્યકતાનું પાલન કરવાનું શક્ય ન હોય તો નંબરિંગ પ્લાન, ઇન્ટરકનેક્શન યુઝેજ ચાર્જીસ, એડીસી વગેરે સહિતના તમામ હેતુઓ માટે 'વોકી' સેવાઓને ડબલ્યુએલએલ(એમ) સેવા તરીકે ગણવામાં આવશે. આ એટલા માટે છે કારણ કે વાયરલાઇન અને ફિક્સ્ડ વાયરલેસ સેવાઓ માટે ફાળવેલ શોર્ટ ડિસ્ટન્સ ચાર્જીંગ એરિયા આધારિત લિંક નંબરિંગ સાથેના અલગ સ્તરનો ઉપયોગ કરવાનો હોય છે. [પેરા ૪૩] [૩૬૦–એ, બી, સી, ડી]

૧.૯ કેસનો રેકર્ડ દર્શાવે છે કે છેક ૨૦૦૩ થી, જ્યારે યુએએસ લાયસન્સ જારી કરવામાં આવ્યું હતું, ત્યારે લાયસન્સ આપનાર–ડીઓટી દ્વારા આ વર્ગીકરણ વિચારવામાં આવ્યું હતું જ્યારે તેણે વાયરલેસ સેવાને સંપૂર્ણ ગતિશીલતા, મર્યાદિત ગતિશીલતા અને એફડબલ્યુએ માં વર્ગીકૃત કરી હતી. એડીસી, ઇન્ટરકનેક્શન યુઝેજ ચાર્જીસ વગેરે તે વર્ગીકરણને અનુસરે છે. આઇયુસી રેગ્યુલેશન, ૨૦૦૩ લાયસન્સમાંના વર્ગીકરણના આધારે વૈધાનિક ચાર્જીસ લાદે છે. આ કેસમાં જે મહત્વનું છે તે એ છે કે ટેકનોલોજીકલ ડેટા ઉપરાંત, નીતિગત બાબત તરીકે પણ જો ડીઓટી અને એક્સેસ પ્રદાતા વચ્ચે યુએએસ લાયસન્સની શરતો મુજબ કરાર હોય

કે જે ત્રણ શ્રેણીઓની જોગવાઈ કરે છે, તો એડીસીની વસૂલાત એક્સેસ પ્રદાતા દ્વારા વપરાશકર્તાને જે સેવા આપવામાં આવે છે તેના પર નિર્ભર રહેશે. આ સંજોગોમાં, ટેકનોલોજી સિવાય, હાલનો કેસ કર નીતિ પર વધુ આધારિત છે જે ડબલ્યુએલએલ(એમ) ની શ્રેણીમાં આવતી સેવાઓ પર એડીસી લાદે છે. [પેરા ૪૩] [૩૬૦–ડી, ઇ, એફ, જી]

૧.૧૦ વાયરલેસ સિસ્ટમો વપરાશકર્તાઓ માટે તેઓએ કેટલી ગતિશીલતા આપવાની છે તેમાં અલગ પડે છે. વાતચીત કરતી વખતે આસપાસ ફરવાની ક્ષમતા એ વપરાશકર્તા માટે વાયરલેસ સંચારની મુખ્ય લાક્ષણિકતાઓમાંની એક છે. જો કે, ગતિશીલતાની તે આવશ્યકતામાં, વિવિધ શ્રેણીઓ અસ્તિત્વ ધરાવે છે; એટલે કે ફિક્સ્ડ ઉપકરણો; નોમેડિક ઉપકરણો; અને ઓછી ગતિશીલતા. [પેરા ૪૪] [૩૬૦–જી; ૩૬૧–એ]

૧.૧૧ લાયસન્સમાં ત્રણ પ્રકારની વાયરલેસ સેવાઓ છે, એટલે કે, મર્યાદિત ગતિશીલતા, સંપૂર્ણ ગતિશીલતા અને એફડબલ્યુએ. આઇયુસી આ વર્ગીકરણના આધારે ચાર્જ વસૂલે છે. એડીસી એ આઇયુસી નો એક ભાગ છે. એડીસી આઇયુસી રેગ્યુલેશન, ૨૦૦૩ હેઠળ પણ લાદવામાં આવે છે. 'વોકી' ના કિસ્સામાં, સાધનને કારમાં મૂકી શકાય છે, તેને સમગ્ર એસડીસીએ (**SDCA**) માં લઈ જઈ શકાય છે અને 'વોકી' કોલ્સ માત્ર ગ્રાહકના પરિસરમાંથી જ નહીં પરંતુ તે એસડીસીએ ના કોઈપણ સ્થળેથી પણ ઉદ્ભવી શકે છે. આ ગતિશીલતાના કારણે, તે મર્યાદિત ગતિશીલતાની શ્રેણીમાં વર્ગીકૃત કરવાપાત્ર છે. એફડબલ્યુએ

[ડબલ્યુએલએલ(એફ)] ના કિસ્સામાં, વપરાશકર્તા ઉપકરણની કોઈ ગતિશીલતા હોતી નથી. જ્યારે વપરાશકર્તા ઉપકરણની આવી કોઈ ગતિશીલતા હોતી નથી, ત્યારે તે તમામ વાયર્ડ સંચાર સમાન છે. તેથી, એફડબલ્યુએ ને ડબલ્યુએલએલ(એફ) તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. એડીસી લાદવાના હેતુઓ માટે તમામ વાયર્ડ સંચાર પણ ડબલ્યુએલએલ(એફ) માં આવી શકે છે. જો કે, હાથ પરના કેસમાં વપરાશકર્તાનું ઉપકરણ સમગ્ર એસડીસીએ માં મોબાઈલ હોવાથી, 'વોકી' સાધન જે સેવાઓ પ્રદાન કરે છે તેને ડબલ્યુએલએલ(એમ) સેવા તરીકે વર્ગીકૃત કરવી પડશે. હાલના કેસમાં, અપીલકર્તાઓ ઉપરોક્ત સમયગાળા દરમિયાન એફડબલ્યુએ અથવા ફિક્સ્ડ વાયરલેસ ફોન સેવાઓના ઓઠા હેઠળ ડબલ્યુએલએલ(એમ) સેવાઓ પૂરી પાડતા હતા અને તેના દ્વારા તેઓએ નંબરિંગ પ્લાનની અખંડિતતાનું ઉલ્લંઘન કર્યું છે. તેથી, ઉપરોક્ત સમયગાળા એટલે કે ૧૪.૧૧.૨૦૦૪ થી ૨૬.૮.૨૦૦૫ માટે અપીલકર્તાઓ દ્વારા એડીસી ચૂકવવાપાત્ર છે. [પેરા ४૫] [૩૬૧–ડી–એચ, ૩૬૨–એ, બી]

૧.૧૨ સેવાઓનું વર્ગીકરણ યુએએસ લાયસન્સ ૨૦૦૩ હેઠળ અમલમાં આવ્યું હતું. તે લાયસન્સની શરતો અને નિયમો હેઠળ, એક્સેસ પ્રદાતાઓએ નંબરિંગ પ્લાનની અખંડિતતા જાળવવી જરૂરી હતી. આ લાયસન્સની શરતોમાંની એક હતી. તેવી જ રીતે, વાયરલેસ સેવાઓનું વર્ગીકરણ લાયસન્સ હેઠળ કરવામાં આવ્યું હતું. વર્ગીકરણ એ લાયસન્સની શરત બની ગયું હતું. એડીસી સહિતના અમુક ચાર્જીસ લાદવાના હેતુથી આગળની કાર્યવાહી તરીકે, આઇયુસી રેગ્યુલેશન

૨૦૦૩ ઘડવામાં આવ્યું હતું. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૯૭ ની કલમ ૧૧(૧)(બી) હેઠળ, લાયસન્સની શરતો અને નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા અને સેવા પ્રદાતાઓ વચ્ચે પરસ્પર જોડાણ (ઈન્ટર–કનેક્ટિવિટી) ની શરતો અને નિયમો નક્કી કરવા માટે ટ્રાય સત્તા ધરાવે છે. તેવી જ રીતે, કલમ ૧૧(૧)(સી) હેઠળ, રેગ્યુલેશન્સ દ્વારા નક્કી કરવામાં આવે તેવા દરે અને તેવી સેવાઓના સંદર્ભમાં ફી અને અન્ય ચાર્જીસ લાદવા માટે પણ ટ્રાય અધિકૃત છે. હાલના કેસમાં, આઈયુસી રેગ્યુલેશન, ૨૦૦૩ પરિશિષ્ટ (શિડ્યુલ) દ્વારા મોબાઈલથી ફિક્સ્ડ, ફિક્સ્ડથી ફિક્સ્ડ, ફિક્સ્ડથી મોબાઈલ વગેરેમાંથી ઉદ્ભવતા કૉલ માટે આકારણીપાત્ર દર દર્શાવે છે. ૧૯૯૭ ના અધિનિયમની કલમ ૧૩ હેઠળ, ૧૯૯૭ ના અધિનિયમની કલમ ૧૧(૧) હેઠળ તેના કાર્યોના નિર્વહન માટે સેવા પ્રદાતાઓને સમયાંતરે નિર્દેશો જારી કરવાની ટ્રાયને સત્તા છે. ત્રણ વાયરલેસ સેવાઓનું વર્ગીકરણ લાયસન્સ હેઠળ કરવામાં આવ્યું હતું. ટ્રાય દ્વારા તારીખ ૪.૩.૨૦૦૫ ના રોજ જારી કરાયેલ સ્પષ્ટીકરણ ૧૯૯૭ ના અધિનિયમની કલમ ૧૩ હેઠળ હતું. આ સંજોગોમાં, તારીખ ૪.૩.૨૦૦૫ નું સદર સ્પષ્ટીકરણ ટ્રાય દ્વારા કાયદા અનુસાર જારી કરવામાં આવ્યું હતું. [પેરા ૪૬] [૩૬૨–બી–જી]

૨. એવું કહેવું યોગ્ય નથી કે જ્યારે બીએસએનએલની તારીખ ૪.૧.૨૦૦૫ ની ફરિયાદોને પગલે પોર્ટેબલ ડબલ્યુએલએલ(એફ) ફોનને ડબલ્યુએલએલ(એમ) ફોનની જેમ ગણવા જોઈએ કે કેમ તે પ્રશ્ન ટ્રાય સમક્ષ પેન્ડિંગ હતો, ત્યારે સક્ષમ સત્તાધિકારી દ્વારા નિર્ણયની રાહ જોયા વિના ટ્રાય માટે આ કેસમાં તારીખ

**૪.૩.૨૦૦૫ ના રોજ કરવામાં આવ્યો છે તેવો નિર્દેશ જારી કરવાનું ખુલ્લું નહોતું. તારીખ ૪.૩.૨૦૦૫ નો નિર્દેશ સ્પષ્ટીકરણરૂપ છે અને સુધારાત્મક નથી. કોઈપણ સંજોગોમાં, ટેકનોલોજીના પાસા અને એડીસી લાદવા માટેના નીતિગત માળખાને ધ્યાને લેતા, અપીલકર્તા દ્વારા આક્ષેપ કરાયા મુજબ કોઈ એકપક્ષીયતા નથી. [પેરા ૪૮] [૩૬૩-એ-ડી]**

સિવિલ એપેલેટ જ્યુરિસડિક્શન: સિવિલ અપીલ નં. ૫૮૫૦/૨૦૦૫.

ટેલિકોમ ડિસ્પ્યુટ્સ સેટલમેન્ટ એન્ડ એપેલેટ ટ્રિબ્યુનલ, નવી દિલ્હીના પિટિશન નં. ૪૫/૨૦૦૫ માં તારીખ ૯.૯.૨૦૦૫ ના આખરી ચુકાદા અને હુકમમાંથી.

વિથ

સિવિલ અપીલ નં. ૫૮૭૧/૨૦૦૫.

ઉપસ્થિત પક્ષકારો તરફે ગોપાલ સુબ્રમણ્યમ, વિકાસ સિંઘ, એએસજીઓ, અરુણ જેટલી, રોમજી શ્રીનિવાસન, કે.કે. વેણુગોપાલ, જે.જે. ભટ્ટ, પી.પી. ત્રિપાઠી, રાકેશ દ્વિવેદી, ડૉ. એ.એમ. સિંઘવી, રૂબી સિંઘ આહુજા, મનુ અગ્રવાલ, સિમરન બ્રાર, જય સિંઘ બ્રાર, માણિક કરંજાવાલા, અંજલિ ચાંદીયાલકર, મનાલી સિંઘલ, કે. રાજ, ગોપાલ શંકર નારાયણ, અભિજાત પી. મેઢ, મનિન્દર સિંઘ, પ્રતિભા એમ. સિંઘ, ગૌરવ શર્મા, સુમિત ભાટિયા, સુરભિ મહેતા, યોગિન્દર હાંડૂ,

તેજવીર ભાટિયા, એસ.ડબલ્યુ.એ. કાદરી, અનિલ કટિયાર, સંજય કપૂર, શુભ્રા કપૂર, રાજીવ કપૂર, આરતી સિંઘ, નવીન ચાવલા, મંજુલ બાજપાઈ, રિતિકા ચાવલા, અરુણ ઢિલ્લોન.

કોર્ટનો ચુકાદો **ન્યાયમૂર્તી કાપડિયા** દ્વારા આપવામાં આવેલ.

કાપડિયા, ન્યાયમૂર્તી આ સિવિલ અપીલોમાં વિવાદ એ છે કે: શું અપીલકર્તા તેના "વોકી" બ્રાન્ડ નામ હેઠળ પૂરી પાડવામાં આવતી સેવાના સંદર્ભમાં ૧૪.૧૧.૨૦૦૪ થી ૨૬.૮.૨૦૦૫ સુધીના સમયગાળા માટે બીએસએનએલને એક્સેસ ડેફિસિટ ચાર્જીસ ("એડીસી") ચૂકવવા માટે જવાબદાર છે.

**પ્રસ્તાવના:**

૨. ગ્રામીણ વિસ્તારોમાં ટેલિફોન સેવાઓના વિસ્તરણને ટેકો આપવા માટે ઓપરેટરો (સેવા પ્રદાતાઓ) પર ટ્રાય (નિયામક) દ્વારા લાદવામાં આવેલો એડીસી એક લેવી છે. ગ્રામીણ ફોનમાં ૯૯% બીએસએનએલની માલિકીના હોવાથી, એડીસી અપીલકર્તા માટે લેવી અને બીએસએનએલ માટે સબસિડી બનાવે છે. સદર એડીસીના બે ભાગ છે: (૧) સ્થાનિક સેવા પ્રદાતા દ્વારા ચૂકવવામાં આવનાર ચૂકવણીનો ઘટક, અને (૨) આંતરરાષ્ટ્રીય લાંબા અંતરના સેવા પ્રદાતાઓ દ્વારા ચૂકવવામાં આવનાર ચૂકવણીનો ઘટક. એડીસી વ્યવસ્થા ૨૦૦૪ માં દાખલ કરવામાં આવી હતી.

૩. માર્ચ, ૧૯૯૭ માં, ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા ("ટ્રાય") એક્ટ ઘડવામાં આવ્યો હતો. સરકારે ૧૯૯૯ માં નવી ટેલિકોમ્યુનિકેશન નીતિ

("એનટીપી") દાખલ કરી અને સદર નીતિ અમલમાં મૂકવા આગળ વધી. ટ્રાય (સુધારા) અધિનિયમ, ૨૦૦૦ દ્વારા એનટીપી, ૧૯૯૯ ના પરિણામે એક મુખ્ય ફેરફાર અમલમાં આવ્યો. સદર સુધારાએ મૂળ ટ્રાયના નિયમનકારી અને વિવાદ નિવારણના ધોરણોને અલગ કર્યા. નવી વ્યવસ્થા હેઠળ, ગ્રાહક અને સેવા પ્રદાતા(ઓ) સંડોવાયેલા હોય તેવા તમામ વિવાદો ટીડીએસએટી (TDSAT) સમક્ષ જવાના હતા. સદર વ્યવસ્થાએ ટ્રાયના નિર્ણયોમાંથી ઉદ્ભવતા વિવાદો પર ચુકાદો આપવાથી દીવાની અદાલતોને બાકાત રાખી હતી. ટીડીએસએટી ને મૂળ અને એપેલેટ અધિકારક્ષેત્ર આપવામાં આવ્યું હતું. ટ્રાય (સુધારા) અધિનિયમ, ૨૦૦૦ ટ્રાયની નિયમનકારી સત્તાઓને ચોક્કસ રીતે વ્યાખ્યાયિત કરે છે. સદર નિયામક નવા સેવા પ્રદાતાઓને પ્રવેશ આપવા, તકનીકી સુધારાઓ, ગુણવત્તાના ધોરણો અને લાયસન્સની શરતો અને નિયમો નક્કી કરવા માટે જવાબદાર બન્યા. વધુ એક ઘટનાનો ઉલ્લેખ કરવાની જરૂર છે. ડીઓટીની નીતિ ઘડતર અને સેવા પૂરી પાડવાની ભૂમિકાઓને અલગ કરવા માટે, સરકારે ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ સર્વિસીસ ("ડીટીએસ") ની રચના કરી, જેને પાછળથી ૧.૧૦.૨૦૦૦ ના રોજ બીએસએનએલ તરીકે ઓળખાતી કોર્પોરેટ સંસ્થામાં ફેરવવામાં આવી.

૪. એનટીપી, ૧૯૯૯ હેઠળ, તમામ નવા સેલ્યુલર મોબાઇલ સેવા પ્રદાતાઓએ પ્રવેશ વખતે નિશ્ચિત ફી ચૂકવવી પડતી હતી, અને પછી તેમની આવકનો એક ભાગ સરકારને ચૂકવવો પડતો હતો. જો કે, ઓગસ્ટ, ૧૯૯૯ પછી આવકની વહેંચણીની વ્યવસ્થા અમલમાં આવી.

૫. ૭% ની ટેલિ–ડેન્સિટી હાંસલ કરવાના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને ધ્યાને રાખીને, એનટીપી ૧૯૯૯ એ ખાનગી ખેલાડીઓને મૂળભૂત સેવામાં લાવવાનો પ્રયાસ કર્યો જે ન્યૂનતમ સુવિધા છે અને જેમાં ટેલિકોમ સેવાના લક્ષણ તરીકે ગતિશીલતા એ મૂળભૂત સેવાનો ભાગ નહોતી. સેવા પૂરી પાડવાની પરવાનગી ડીઓટી દ્વારા મંજૂર કરાયેલ લાયસન્સની શરતો અને નિયમો દ્વારા નક્કી કરવામાં આવે છે જ્યારે ઇન્ટરકનેક્શન યુઝેજ ચાર્જીસ/એડીસી ચૂકવવાની જવાબદારી લાયસન્સની શરતોને અનુરૂપ ૧૯૯૭ ના અધિનિયમની કલમ ૩૬ હેઠળ ઘડવામાં આવેલા તેના રેગ્યુલેશન્સ દ્વારા ટ્રાય દ્વારા નક્કી કરવામાં આવે છે.

૬. ૨૦૦૧ માં ભારત સરકારના નીતિગત નિર્ણય દ્વારા, ફિક્સ્ડ સેવા પૂરી પાડવા માટે લાયસન્સ ધરાવતા બેઝિક સેવા ઓપરેટરોને તેમની બેઝિક સેવા લાયસન્સના કાર્યક્ષેત્રમાં વાયરલેસ લોકલ લૂપ મોબાઇલ [ડબલ્યુએલએલ(એમ)] સેવા પૂરી પાડવાની મંજૂરી આપવામાં આવી હતી.

૭. ૧૯૯૭ – એપ્રિલ, ૨૦૦૩ દરમિયાન, એડીસી ચૂકવવાની કોઈ જવાબદારી નહોતી (૨૦૦૩ માં ટ્રાય દ્વારા દાખલ કરાયેલ એક ખ્યાલ).

૮. ૧.૧૧.૨૦૦૩ ના રોજ, ડીઓટીએ યુનિફાઇડ એક્સેસ સર્વિસ ("યુએએસ") લાયસન્સ દાખલ કર્યું જેણે તેના ધારકને સેવા ક્ષેત્રમાં વાયર–લાઇન તેમજ વાયરલેસ સેવાઓ પૂરી પાડવાની મંજૂરી આપી. જો કે, યુએએસ લાયસન્સ હેઠળ વાયરલેસ સેવાઓમાં સંપૂર્ણ મોબાઇલ, મર્યાદિત મોબાઇલ અને ફિક્સ્ડ વાયરલેસ સેવાઓનો સમાવેશ થતો હતો. હાલના સેવા પ્રદાતાઓને તેમના મૂળ

લાયસન્સ પર રહેવાનો અથવા એ જ લાયસન્સ પર મૂલ્યવર્ધિત સેવાઓને મંજૂરી આપીને સંચારના સમન્વયને સરળ બનાવવા માટે યુએએસ લાયસન્સમાં બદલવાનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. જો કે, તમામ ટેલિકોમ ઓપરેટરોએ ટ્રાય દ્વારા ઘડવામાં આવેલા આઇયુસી રેગ્યુલેશન્સ અનુસાર એડીસી સહિત આઇયુસી ચૂકવવાનું હતું.

**ડબલ્યુએલએલ ટેકનોલોજી:**

૯. અપીલકર્તાઓ અને બીએસએનએલ (સામાવાળા નં. ૧) વતી રજૂ કરવામાં આવેલી દલીલો પર વિચાર કરતા પહેલા, ડબલ્યુએલએલ ટેકનોલોજીમાં વપરાતા અમુક શબ્દો પર વિચાર કરવો જરૂરી રહેશે.

**(૧) સેલ્યુલર ટેલિફોની**

સેલ્યુલર ટેલિફોન એ શોર્ટ–વેવ એનાલોગ અથવા ડિજિટલ ટ્રાન્સમિશનનો એક પ્રકાર છે જેમાં ગ્રાહક પાસે મોબાઇલ (ટર્મિનલ) થી નજીકના ટ્રાન્સમીટર સુધી વાયરલેસ કનેક્શન હોય છે. ટ્રાન્સમીટરના કવરેજ વિસ્તારને સેલ કહેવામાં આવે છે. વાયરલેસ ટેલિફોનીમાં, સેલ એ સેલ્યુલર ટેલિફોન ટ્રાન્સમીટર દ્વારા આવરી લેવાયેલો ભૌગોલિક વિસ્તાર છે. ટ્રાન્સમીટર સુવિધાને સેલ સાઇટ કહેવામાં આવે છે. જ્યારે કોઈ ગ્રાહક સેલ્યુલર ટેલિફોન સેવા પ્રદાતા સાથે કરાર કરે છે, ત્યારે તેને તે પ્રદાતાની સેલ સિસ્ટમમાં એક્સેસ આપવામાં આવે છે, જે સ્થાનિક હોય છે. સદર સેલ સિસ્ટમની મર્યાદા બહાર મુસાફરી કરતી વખતે, સેલ સિસ્ટમ ગ્રાહકને જાણ થયા વિના તેને પડોશી કંપનીની સેલ સિસ્ટમમાં ટ્રાન્સફર કરવામાં સક્ષમ બનાવે છે.

આને રોમિંગ સેવા કહેવામાં આવે છે. સેલ્યુલર ટેલિફોનને કોર્ડલેસ ટેલિફોન સાથે ગૂંચવવો જોઈએ નહીં, જે સ્થાનિક ફોન આઉટલેટ સાથે ખૂબ જ ટૂંકા વાયરલેસ જોડાણવાળો ફોન છે.

વપરાશકર્તાઓની ઉચ્ચ ગતિશીલતા એ સેલ્યુલર ટેલિફોનની મહત્વપૂર્ણ લાક્ષણિકતાઓમાંની એક છે. કૉલ દરમિયાન વપરાશકર્તાનું સ્થાન નોંધપાત્ર રીતે બદલાઈ શકે છે જે વપરાશકર્તા તરફથી અથવા નેટવર્ક તરફથી શરૂ થઈ શકે છે. સેલ્યુલર ટેલિફોનીમાં મોબાઈલ વપરાશકર્તા બેઝ સ્ટેશન સાથે વાતચીત કરે છે. બેઝ સ્ટેશનો એમએસસી સાથે જોડાયેલા હોય છે, જે જાહેર ટેલિફોન સિસ્ટમ સાથે જોડાયેલ હોય છે. સેલ્યુલર ટેલિફોનીનું સૌથી મહત્વપૂર્ણ પાસું અમર્યાદિત ગતિશીલતા છે. વપરાશકર્તા નેટવર્કના કવરેજ વિસ્તારની અંદર ગમે ત્યાં હોઈ શકે છે (એટલે કે, તે ચોક્કસ સેલ પૂરતો મર્યાદિત નથી). વપરાશકર્તા એક જ કૉલ દરમિયાન પણ એક સેલમાંથી બીજા સેલમાં જઈ શકે છે.

સેલ્યુલર ટેલિફોની કોર્ડલેસ ટેલિફોનથી અલગ છે. કોર્ડલેસ ટેલિફોનમાં, હેન્ડસેટ અને બેઝ સ્ટેશન વચ્ચે વાયરલેસ લિંક હોય છે જે બદલામાં જાહેર ટેલિફોન સિસ્ટમ સાથે સીધી રીતે જોડાયેલ હોય છે.

એ નોંધવું અગત્યનું છે કે આર્થિક પરિબળો વાયરલેસ સંચાર પ્રણાલીઓ અને સેવાઓની રચના પર અસર કરે છે. એવી સિસ્ટમો જ્યાં ગતિશીલતા પોતે જ મૂલ્યવાન છે – દા.ત., સેલ્યુલર ટેલિફોનીમાં, તે વાયર્ડ સિસ્ટમ કરતાં વધુ ખર્ચાળ છે. ઉદાહરણ તરીકે, સેલ્યુલર ટેલિફોની સિસ્ટમના કિસ્સામાં પ્રતિ મિનિટ કિંમત

લેન્ડલાઈન ટેલિફોન કરતાં વધુ હોય છે. તે સ્પર્ધા છે જે એકમ દીઠ કિંમત ઘટાડી શકે છે. ૧૯૯૦ થી ઘણા ગ્રાહકો અને કંપનીઓએ પણ કેટલાક કિસ્સાઓમાં વાયર્ડ સેવાઓ રદ કરીને માત્ર સેલ્યુલર ટેલિફોનીની પસંદગી કરી છે. બીજી બાજુ, સેવાઓ જ્યાં વાયરલેસ એક્સેસ માત્ર એક સસ્તા કેબલ રિપ્લેસમેન્ટ તરીકે અભિપ્રેત છે, વધારાની સુવિધાઓ વિના – દા.ત., ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ, સિસ્ટમો ખર્ચ–અસરકારક હોવી જરૂરી છે, કારણ કે વાયર્ડ કનેક્શન્સ માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચરની તુલનામાં તેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તુલનાત્મક રીતે સસ્તું છે.

**(૨) વાયરલેસ સાધનોના ઉદાહરણો:**

વાયરલેસ એ ટેલિકોમ્યુનિકેશન્સનું વર્ણન કરવા માટે વપરાતો શબ્દ છે જેમાં ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગો સંચાર માર્ગ પર સિગ્નલ વહન કરે છે. મોર્સ કોડનો ઉપયોગ કરીને ૨૦મી સદીની શરૂઆતમાં પ્રથમ વાયરલેસ ટ્રાન્સમીટર પ્રસારિત થયું હતું. પાછળથી, જેમ જેમ ટેકનોલોજીમાં સુધારો થયો તેમ વાયરલેસ દ્વારા અવાજ અને સંગીત પ્રસારિત કરવાનું શક્ય બન્યું, તે માધ્યમને "રેડિયો" કહેવામાં આવ્યું. ટેલિવિઝન, ફેક્સ, ડેટા કમ્યુનિકેશન અને સ્પેક્ટ્રમના અસરકારક ઉપયોગ સાથે, "વાયરલેસ" શબ્દ ફરી જીવંત થયો છે. આજે ઉપયોગમાં લેવાતા વાયરલેસ સાધનોના સામાન્ય ઉદાહરણોમાં સેલ્યુલર ફોન, પેજર્સ, ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ ("જીપીએસ"), કોર્ડલેસ ટેલિફોન સેટ, સેટેલાઇટ ટેલિવિઝન, વાયરલેસ લેન (લોકલ એરિયા નેટવર્ક્સ), ગ્લોબલ સિસ્ટમ ફોર મોબાઇલ કમ્યુનિકેશન ("જીએસએમ"), ફિક્સ્ડ વાયરલેસ એપ્લિકેશન, મોબાઇલ વાયરલેસ અને પોર્ટેબલ

વાયરલેસનો સમાવેશ થાય છે. તે અનુસાર, સેવાઓ બ્રોડકાસ્ટિંગ, પેજિંગ, ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ (એફડબલ્યુએ), મર્યાદિત ગતિશીલતા અને સંપૂર્ણ ગતિશીલતા વગેરે છે.

ફિક્સ્ડ વાયરલેસના કિસ્સામાં, વાયરલેસ સિસ્ટમ્સનું સંચાલન ઘરો અને ઓફિસો પૂરતું સીમિત હોય છે, ખાસ કરીને, ફિક્સ્ડ વાયરલેસ વિશિષ્ટ મોડેમ્સ દ્વારા ઈન્ટરનેટ સાથે જોડાયેલા સાધનોનો સંદર્ભ આપે છે. એફડબલ્યુએ માં, અંતિમ–વપરાશકર્તા ટર્મિનલનું સ્થાન અને અંતિમ–વપરાશકર્તા સાથે કનેક્ટ થવા માટેનું નેટવર્ક એક્સેસ પોઈન્ટ નિશ્ચિત હોય છે.

મોબાઈલ વાયરલેસના કિસ્સામાં, મોટરાઈઝ્ડ, ફરતા વાહનો જેવા કે પીસીએસ (PCS) પર વાયરલેસ સિસ્ટમ્સ અથવા ઉપકરણોનો ઉપયોગ થાય છે. તેમાં ઓટોમોટિવ સેલ ફોનનો પણ સમાવેશ થાય છે. એફડબલ્યુએ થી વિપરીત, મોબાઈલના કિસ્સામાં સાધન નિશ્ચિત હોતું નથી, તેને ખસેડી શકાય છે.

પોર્ટેબલ વાયરલેસ અંગે, તે બેટરીથી ચાલતું વાયરલેસ ઉપકરણ અથવા સિસ્ટમ છે જે ઓફિસ, ઘર અથવા વાહનની બહાર કાર્ય કરે છે. તેનું સંચાલન સ્વાયત્ત છે. પોર્ટેબલ વાયરલેસના ઉદાહરણો હેન્ડહેલ્ડ સેલ ફોન અને પીસીએસ એકમો છે.

ઉપરોક્ત તમામ ઉદાહરણો આજે ઉપયોગમાં લેવાતા વાયરલેસ સાધનોના સામાન્ય ઉદાહરણો છે.

**(૩) વાયરલેસ મોબાઈલ કમ્યુનિકેશન:**

સ્થાનિક અથવા વિશાળ વિસ્તારોમાં વૉઈસ, વિડિયો અને ડેટા પ્રસારિત કરવા માટે વિવિધ પ્રકારની વાયરલેસ સંચાર પ્રણાલીઓ છે. મોબાઈલ વાયરલેસ ટેકનોલોજી સેલ ફોન, ઈન્ટરનેટ ટર્મિનલ્સ અને સંબંધિત કમ્પ્યુટિંગ ઉપકરણોનો ઉપયોગ કરવા માટે મોબાઈલ વપરાશકર્તાઓને વૉઈસ અને ડેટા સંચાર સેવાઓ પૂરી પાડે છે.

**(૪) વાયરલેસ કમ્યુનિકેશન્સ સર્વિસ (ડબલ્યુસીએસ):**

ડબલ્યુસીએસ એ રેડિયો સંચાર છે જે વ્યક્તિઓ અને વ્યવસાયોને તેમના સોંપેલ સ્પેક્ટ્રમ બ્લોક અને ભૌગોલિક વિસ્તારોમાં નિશ્ચિત, મોબાઈલ, રેડિયો સ્થાન અથવા સેટેલાઈટ સંચાર સેવાઓ પ્રદાન કરી શકે છે. ડબલ્યુસીએસ આજે વધુ અદ્યતન વાયરલેસ ફોન સેવાઓ પૂરી પાડવા સક્ષમ છે જે આપેલ વિસ્તારમાં ગ્રાહકનું ચોક્કસ સ્થાન દર્શાવવા માટે સક્ષમ હશે. ડબલ્યુસીએસ નો ઉપયોગ આજે નાની, હળવા વજનની; બહુવિધ કાર્યોવાળા પોર્ટેબલ ફોન અને દ્વિ–માર્ગી ડેટા ક્ષમતાઓવાળા અદ્યતન ઉપકરણોનો ઉપયોગ કરીને નવા સંચાર ઉપકરણોના સમગ્ર પરિવાર સહિત વિવિધ પ્રકારની મોબાઈલ સેવાઓ પૂરી પાડવા માટે થાય છે. એ નોંધી શકાય કે દરેક મોબાઈલ પોર્ટેબલ હોય છે પરંતુ દરેક પોર્ટેબલ ફોન મોબાઈલ હોવો જરૂરી નથી. એ પણ નોંધી શકાય કે આપણે વ્યક્તિગત વ્યવસાયને અપાતી "સેવા" સાથે નિસબત છે અને સાધનના સ્વરૂપ સાથે નહીં.

**(૫) વાયરલેસ બ્રોડબેન્ડ એક્સેસ ટેકનોલોજીસ (ડબલ્યુબીએટી):**

વાયરલેસ એક્સેસ સિસ્ટમ્સ સેવા પ્રદાતાઓની માલિકીની હોય છે જે મેટ્રો વિસ્તારોમાં કાર્ય કરે છે.

સેલ્યુલર ટેલિફોન સિસ્ટમ, જેમ કે "વાયરલેસ મોબાઇલ કમ્યુનિકેશન્સ" હેઠળ આવરી લેવામાં આવી છે, વપરાશકર્તાઓને માત્ર લોકલ બેઝ સ્ટેશનની મર્યાદામાં જ નહીં પરંતુ તે જ સિસ્ટમમાં અન્ય સેલ અને અન્ય સેવા પ્રદાતાઓની સિસ્ટમમાં પણ ફરવાની મંજૂરી આપે છે. "ફિક્સ્ડ" વાયરલેસ સિસ્ટમ્સ મોબાઇલ સેલ્યુલર સિસ્ટમ્સની વિસ્તૃત રોમિંગ સુવિધાઓને સમર્થન આપતી નથી.

વાયરલેસ સિસ્ટમ્સનો ફાયદો એ છે કે: કેબલ ઈન્સ્ટોલ કરવાની અથવા તાંબાના માળખા પર આધાર રાખવાની જરૂર નથી.

**(૬) વાયરલેસ કમ્યુનિકેશન્સ (ડબલ્યુસી):**

તેમાં રેડિયો તરંગોનો ઉપયોગ કરીને હવા અને અવકાશ દ્વારા સિગ્નલ પ્રસારિત કરવાનો સમાવેશ થાય છે. ઉદાહરણો બ્લૂટૂથ, સીડીએમએ.

**(૭) વાયરલેસ ટેકનોલોજીસ (ડબલ્યુટી):**

વાયરલેસ નેટવર્ક એ રેડિયો, માઇક્રોવેવ, ઈન્ફ્રારેડ નેટવર્ક છે. મોટાભાગના વાયરલેસ નેટવર્ક્સમાં બહુવિધ બીટીએસ (બેઝ સ્ટેશનો) હોય છે.

**(૮) સેલ્યુલર સિસ્ટમ્સ અને ટોપોલોજી:**

સેલ્યુલર સિસ્ટમમાં સેલ એ સેન્ટ્રલ ટ્રાન્સમીટર/રીસીવર બેઝ સ્ટેશન સાથેનો ગોળાકાર વિસ્તાર છે. બીટીએસ ટાવર પર અથવા બિલ્ડિંગની ટોચ પર ઉભો કરવામાં આવે છે. બીટીએસ પાસે ૩૬૦–ડિગ્રી એન્ટેના છે જે સેલ્યુલર વિસ્તાર બનાવવા માટે ટ્યુન કરેલ છે. જ્યારે કોઈ વપરાશકર્તા ફોન ચાલુ કરે છે, ત્યારે તેનો ફોન નંબર અને સીરીયલ નંબર સ્થાનિક સેલની અંદર પ્રસારિત થાય છે. બીટીએસ સિગ્નલ મેળવે છે અને સ્વિચિંગ ઓફિસને જાણ કરે છે કે ચોક્કસ ઉપકરણ તેના વિસ્તારમાં સ્થિત છે. સંદર્ભ માટે આ માહિતી સ્વિચિંગ ઓફિસમાં નોંધવામાં આવે છે. વાસ્તવિક કૉલ ત્યારે થાય છે જ્યારે વપરાશકર્તા ફોન નંબર દાખલ કરે છે અને સેન્ડ બટન દબાવે છે. સેલ્યુલર સિસ્ટમ કૉલના સમયગાળા દરમિયાન વપરાશકર્તા માટે ઉપયોગ કરવા માટે એક ચેનલ પસંદ કરે છે. જેમ જેમ વપરાશકર્તાઓ મુસાફરી કરે છે, તેઓ એક સેલમાંથી બીજા સેલમાં જઈ શકે છે, જેનાથી હેન્ડઓફ અને નવી ચેનલની પસંદગી જરૂરી બને છે. સેલની નજીકમાં હોવા પર, મોબાઈલ ફોન વપરાશકર્તાઓ તે સેલમાં ટ્રાન્સમીટર/રીસીવરના નિયંત્રણ હેઠળ હોય છે. હેન્ડઓફ ત્યારે થાય છે જ્યારે એક સેલમાંનું બેઝ સ્ટેશન વપરાશકર્તાના કૉલ માટેનું નિયંત્રણ બીજા સેલના બેઝ સ્ટેશનને ટ્રાન્સફર કરે છે. જ્યારે બેઝ સ્ટેશન વપરાશકર્તાનું સિગ્નલ ગુમાવવાનું શરૂ કરે છે, ત્યારે તે આસપાસના તમામ સેલમાંના બેઝ સ્ટેશનોને સૂચિત કરે છે કે વપરાશકર્તા તેમના સેલમાં પ્રવેશી રહ્યો હોઈ શકે છે. જેમ વપરાશકર્તા નવા સેલમાં જાય છે, તે સેલનું બેઝ સ્ટેશન કૉલનો હવાલો સંભાળી લે છે. સંક્રમણ દરમિયાન કૉલની ફ્રીક્વન્સી

નવા સેલમાં વપરાતી ફ્રીક્વન્સીમાં બદલાઈ જાય છે. આ એટલા માટે છે કારણ કે અડીને આવેલા સેલ સમાન ફ્રીક્વન્સીનો ઉપયોગ કરી શકતા નથી.

### (૯) વાયરલેસ લોકલ લૂપ (ડબલ્યુએલએલ):

આજે, ટેકનોલોજી ડબલ્યુએલએલ સેવાઓ પૂરી પાડે છે, એટલે કે, ઘર અને વ્યવસાયિક વપરાશકર્તાઓ માટે કેરિયર્સ અને સેવા પ્રદાતા નેટવર્ક માટે વાયરલેસ એક્સેસ.

ટોમ શેલ્ડન દ્વારા લિખિત એન્સાયક્લોપીડિયા ઓફ નેટવર્કિંગ એન્ડ ટેલિકોમ્યુનિકેશન્સ અનુસાર, વાયરલેસ લોકલ લૂપ ("ડબલ્યુએલએલ") તાંબાના વાયરને બદલે વાયરલેસ લિંક્સનો ઉપયોગ કરીને પબ્લિક-સ્વિચ્ડ ટેલિફોન નેટવર્ક ("પીએસટીએન") સાથે ગ્રાહકોને જોડવા માટેની વિવિધ ટેકનોલોજીનો સંદર્ભ આપે છે. વાયર્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ન ધરાવતા દેશો/વિસ્તારોમાં ગ્રાહકોને જોડવા માટે ડબલ્યુએલએલ એ એક વ્યવહારુ ઉકેલ છે. કેબલ નાખવાના વિકલ્પ તરીકે ગ્રામીણ વિસ્તારોમાં પણ તે વ્યવહારુ છે. ડબલ્યુએલએલ એ મુખ્યત્વે ફિક્સ્ડ વાયરલેસ સેવા છે (ગ્રાહક સામાન્ય રીતે એક જ જગ્યાએ રહે છે), જ્યારે સેલ્યુલર સિસ્ટમ્સ મોબાઈલ સંચાર અને વિવિધ સિસ્ટમો વચ્ચે રોમિંગ ઓફર કરે છે.

### (૧૦) વાયરલેસ કમ્યુનિકેશન્સની મૂળભૂત બાબતો:

રેડિયો સિગ્નલો વિના આજનો વાયરલેસ સંચાર શક્ય બન્યો ન હોત, જે મોકલનાર દ્વારા ઉત્પન્ન થાય છે અને ઉત્સર્જિત થાય છે. તેઓ વાતાવરણમાં પ્રસારિત થાય છે, અને રીસીવર દ્વારા પ્રાપ્ત થાય છે અને તેનું અર્થઘટન કરવામાં

આવે છે. રેડિયો સિગ્નલના બે ઉપયોગો છે. પ્રથમ, મોબાઇલ ટર્મિનલ અને ફિક્સ્ડ નેટવર્ક વચ્ચે વાયરલેસ સંચાર માટે તેમની જરૂર પડે છે, જે સિગ્નલના પરિમાણોમાં ફેરફાર કરીને પ્રાપ્ત થાય છે જેને મોડ્યુલેશન તરીકે ઓળખવામાં આવે છે. બીજું, રેડિયો સિગ્નલો પોઝિશનિંગ માટેનો આધાર પૂરો પાડે છે, એટલે કે લક્ષ્યનું સ્થાન શોધવા માટે.

વાયર્ડ નેટવર્કમાં, ટ્રાન્સમિશન માધ્યમો કોપર ટ્વિસ્ટેડ પેર, કોપર કેબલ અને ઓપ્ટિકલ ફાઇબર છે જ્યારે વાયરલેસ સંચાર માટે ટ્રાન્સમિશન માધ્યમ હંમેશા વાતાવરણ, અવકાશ અથવા પાણી હોય છે. ઇથરનેટ જેવી કેટલીક વાયર્ડ સિસ્ટમ્સ ડેટા ટ્રાન્સમિટ કરવા માટે વોલ્ટેજ પલ્સનો ઉપયોગ કરે છે. વાયરલેસ સંચારમાં સિગ્નલો ઇલેક્ટ્રોમેગ્નેટિક તરંગો છે જે એનાલોગ હોય છે.

ઇલેક્ટ્રોમેગ્નેટિક તરંગો એન્ટેના દ્વારા ઉત્પન્ન થાય છે અને પ્રાપ્ત થાય છે. પ્રાપ્ત કરનાર એન્ટેના (રીસીવિંગ એન્ટેના) આસપાસના વાતાવરણમાંથી રેડિયો સિગ્નલોને ઓલ્ટરનેટિંગ કરંટમાં રૂપાંતરિત કરે છે અને તેને એન્ટેના સાથે જોડાયેલા ઇલેક્ટ્રોનિક સાધનો સુધી પહોંચાડે છે, જેને રીસીવર તરીકે ઓળખવામાં આવે છે. તેનાથી વિપરીત, ટ્રાન્સમિટિંગ એન્ટેના, બીજી તરફ, ટ્રાન્સમીટર દ્વારા આપવામાં આવતા ઓલ્ટરનેટિંગ કરંટને રેડિયો અથવા માઇક્રોવેવ સિગ્નલના રૂપમાં આસપાસના વાતાવરણમાં ફેલાવે છે.

નોંધનીય મુદ્દો એ છે કે મેળવનાર એન્ટેના (રીસીવિંગ એન્ટેના) અને પ્રસારણ કરનાર એન્ટેના (ટ્રાન્સમિટિંગ એન્ટેના) વચ્ચે દ્વિભાજન છે. સાધનની

અંદર રહેલું એન્ટેના એ રિસીવિંગ એન્ટેના છે જ્યારે બીટીએસ પરનું એન્ટેના એ ટ્રાન્સમિટિંગ એન્ટેના છે.

ટૂંકમાં, વાયર્ડ અને વાયરલેસ માધ્યમો વચ્ચે મોટો તફાવત છે. વાયર્ડ સંચારમાં, સિગ્નલો નક્કર અથવા માર્ગદર્શિત માધ્યમમાંથી પસાર થાય છે જ્યારે વાયરલેસ સંચારમાં ટેકનોલોજી વાતાવરણ, અવકાશ અથવા પાણી જેવા માર્ગદર્શન વગરના માધ્યમો પર આધારિત હોય છે અને તેથી, વાયરલેસ સંચારમાં ટ્રાન્સમિટિંગથી ઠેસીવિંગ એન્ટેના સુધીના માર્ગ પર સિગ્નલો દખલગીરીના અનેક સ્ત્રોતો સમક્ષ ખુલ્લા રહે છે. વ્યાપક રીતે, આપણે રીસીવિંગ એન્ટેના સુધી પ્રસારણની આ પ્રક્રિયાને "ટ્રાન્સમિશન ટેકનોલોજી" કહી શકીએ છીએ જે એક્સેસ નેટવર્ક તરીકે ઓળખાતા ભાગનો એક ભાગ છે, જે કોર નેટવર્કથી અલગ છે જેનો નંબરિંગ પ્લાન એક મહત્વપૂર્ણ ઘટક છે. હાલની બાબતનો નિર્ણય કરવા માટે આ દ્વિભાજન ધ્યાનમાં રાખવાની જરૂર છે. બીજા શબ્દોમાં કહીએ તો, ગ્રાહકના પરિસરમાં રીસીવિંગ એન્ટેના અને બીટીએસ માં સ્થિત ટ્રાન્સમિટિંગ એન્ટેના સંરેખિત હોય છે અને તેઓ એક્સેસ નેટવર્ક બનાવે છે જ્યારે એમએસસી એ એક્સચેન્જ છે જેમાં બીએસસી, નંબરિંગ પ્લાન, સોફ્ટવેર વગેરેનો સમાવેશ કરતું કોર નેટવર્ક હોય છે જે કૉલ કયા સ્ત્રોતમાંથી ઉદ્ભવે છે તે ઓળખવા, ગ્રાહકની એક સેલમાંથી બીજા સેલમાં હિલચાલ અને બિલિંગ હેતુઓ માટે કૉલની ઓળખ કરવા માટે આવશ્યક છે. ઇન્ટેલિજન્ટ નેટવર્ક એમએસસી માં હોય છે.

સામાન્ય રીતે, રેડિયો સિગ્નલો એન્ટેનામાંથી સર્વ–દિશામાં (ઓમ્ની–ડાયરેક્શનલી) ઉત્સર્જિત થાય છે અને તે અવરોધોથી પ્રભાવિત થયા વિના સેંકડો કિલોમીટર પસાર કરી શકે છે (જે સીમલેસ તરીકે ઓળખાય છે), જે રેડિયો અને ટેલિવિઝન પ્રસારણ માટે રેડિયો સિગ્નલોને ખૂબ આકર્ષક બનાવે છે.

વાયરલેસ સંચારમાં, વિવિધ પ્રકારના એન્ટેનાનો ઉપયોગ થાય છે જે સિગ્નલ પ્રસારણની દિશાત્મકતાના સંદર્ભમાં એકબીજાથી અલગ પડે છે. જ્યારે સિગ્નલો બીટીએસ માં ટ્રાન્સમિટિંગ એન્ટેનાથી દૂર જાય છે, ત્યારે તેમની શક્તિમાં ઘટાડો થાય છે. એટેન્યુએશન (ક્ષીણતા) ની માત્રા ટ્રાન્સમિટિંગ એન્ટેના અને રીસીવિંગ એન્ટેના વચ્ચેના અંતર, સિગ્નલોની તરંગલંબાઇ અને આસપાસના વાતાવરણ (દા.ત., ઇનડોર, આઉટડોર, ગ્રામીણ, શહેરી વગેરે) પર આધારિત છે.

વાયરલેસ સંચારમાં, એર ઇન્ટરફેસ (માધ્યમ) વિવિધ એપ્લિકેશનો (દા.ત., રેડિયો, ટી.વી., મોબાઇલ, સેલ્યુલર સિસ્ટમ્સ વગેરે) વચ્ચે અને ચોક્કસ એપ્લિકેશનમાં વિવિધ વપરાશકર્તાઓ (રેડિયો અને ટી.વી. સ્ટેશનો, ગ્રાહકો) વચ્ચે વહેંચાયેલું હોવું જોઈએ. આ વાયર્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી વિપરીત છે. વાયરલેસ સંચારમાં, એર ઇન્ટરફેસના સંસાધનો અવકાશ, આવર્તન (ફ્રીક્વન્સી), સમય અને કોડ દ્વારા આપવામાં આવે છે અને આમ તેને અવકાશ, ફ્રીક્વન્સી, સમય અને કોડ ડિવિઝન તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. નોંધનીય બાબત એ છે કે તમામ ચેનલો એક જ સમયે સમાન ફ્રીક્વન્સી શ્રેણીમાં અને સમાન જગ્યામાં ટ્રાન્સમિટ કરે છે, જેથી મોટા પ્રમાણમાં એકબીજા સાથે દખલ કરે છે. આનો અર્થ એ છે કે ટ્રાન્સમિશન

દરમિયાન વિવિધ ચેનલોના સિગ્નલોનો સરવાળો થાય છે અને તેથી, રીસીવર પર રિસેપ્શન પછી અલગ થવા જોઈએ. આમ કરવાની પદ્ધતિઓમાંની એકને સીડીએમએ (કોડ ડિવિઝન મલ્ટીપલ એક્સેસ) કહેવામાં આવે છે. આ પદ્ધતિ હેઠળ, વિવિધ ચેનલોને કોડ દ્વારા અલગ કરવામાં આવે છે. ટ્રાન્સમિશન દરમિયાન, વિવિધ મોકલનારાઓના સિગ્નલો રીસીવર પર સંયુક્ત સિગ્નલના રૂપમાં પહોંચ્યા હતા. વિવિધ મોકલનારાઓના ડેટાને પુનઃનિર્માણ કરવા માટે, રીસીવરે સંબંધિત મોકલનારના ચિપિંગ ક્રમને લાગુ કરવો પડશે. તે મુજબ, પરિણામી સિગ્નલ રીસીવર સુધી પહોંચે છે. હાલના કેસમાં, "વોકી" સીડીએમએ ટેકનોલોજી પર આધારિત છે. રિલાયન્સ ઈન્ફોકોમ લિ. નું "હેન્ડસેટ" પણ એ જ ટેકનોલોજી પર આધારિત છે. એ બાબત પર ભાર મૂકી શકાય છે કે સીડીએમએ એ ખૂબ જ જટિલ તકનીક છે જેમાં કેન્દ્રો અને રીસીવરો બંનેમાં અત્યાધુનિક હાર્ડવેરની જરૂર પડે છે. તમામ મોકલનારાઓ એકસાથે સમાન ફ્રીક્વન્સી રેન્જમાં ટ્રાન્સમિટ કરતા હોવાથી, રીસીવર પર તમામ મોકલનારાઓને સાંભળી શકાય તેની ખાતરી આપવા માટે તેમની વચ્ચે રેડિયેટિંગ પાવર કાળજીપૂર્વક સંરેખિત હોવો જોઈએ.

અહીં સમજાવવામાં આવેલી મૂળભૂત બાબતો દરેક પ્રકારની મોબાઈલ સેવા માટે ડેટાના ટ્રાન્સમિશન તેમજ પોઝિશનિંગ માટે સુસંગત છે. એક ખ્યાલ તરીકે ડેટાનું ટ્રાન્સમિશન એ પોઝિશનિંગથી અલગ છે. ટ્રાન્સમિશન રેડિયો સિગ્નલોના નિયંત્રણ પર આધાર રાખે છે જ્યારે પોઝિશનિંગ રેડિયો સિગ્નલોના માપન પર આધારિત છે ખાસ કરીને તેમના પ્રવાસ સમય અથવા તેમના એટેન્યુએશન પર.

## (૧૧) સેલ્યુલર નેટવર્કના સિદ્ધાંતો:

મોબાઇલ સંચાર ૧૯૮૦ માં બજારમાં પહોંચ્યો હતો. તે સમયે પણ મુખ્ય પડકાર હેન્ડઓવર, રોમિંગ અને સબ્સ્ક્રાઇબર્સના લોકલાઇઝેશન જેવી અદ્યતન ગતિશીલતા સુવિધાઓને અમલમાં મૂકવાનો હતો જેમાં ટર્મિનલ અને સર્વિંગ બેઝ સ્ટેશન વચ્ચે વધારાની કંટ્રોલ ચેનલોની જરૂર હતી.

સેલ્યુલર નેટવર્કમાં સંખ્યાબંધ રેડિયો સેલ હોય છે જ્યાં "સેલ" શબ્દ બીટીએસ ના ભૌગોલિક કવરેજ વિસ્તારનો સંદર્ભ આપે છે. કવરેજ વિસ્તારનું કદ બેઝ સ્ટેશનની સિગ્નલ તાકાત અને એટેન્યુએશનની ડિગ્રી પર આધારિત છે. દરેક બીટીએસ ને ડેટા ટ્રાન્સમિટ કરવા અને મેળવવા માટે ચોક્કસ સંખ્યામાં ચેનલો સોંપવામાં આવે છે જેને સેલ એલોકેશન ("સીએ") કહેવામાં આવે છે. સેલ વચ્ચેની દખલગીરી ટાળવા માટે, એ ખાતરી આપવી જરૂરી છે કે પડોશી બેઝ સ્ટેશનોને પણ વિવિધ ચેનલોની સેલ ફાળવણી સોંપવામાં આવે. પડોશી સેલ વચ્ચે કોઈ સ્પષ્ટ સરહદો હોતી નથી. મોટાભાગે તેઓ ઓવરલેપ થાય છે. શહેરી વિસ્તારોમાં, મોબાઇલ ઉપકરણ એકસાથે આશરે ૧૦ બેઝ સ્ટેશનોનો સમૂહ સાંભળી શકે છે, અને પછી તે સૌથી મજબૂત સિગ્નલ ધરાવતા બેઝ સ્ટેશનના આ સમૂહમાંથી પસંદ કરે છે. નેટવર્ક કેટલા સેલનું બનેલું છે તે મૂળભૂત રીતે આવરી લેવાના વિસ્તારના કદ અને વપરાશકર્તાના વ્યાપનું કાર્ય છે. નવું નેટવર્ક બનાવતી વખતે, ઓપરેટરો ગ્રામીણ વિસ્તારોમાં બેઝ સ્ટેશનો સ્થાપિત કરતા પહેલા ગીચ શહેરી વિસ્તારોમાં કવરેજ સ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જો કોઈ નેટવર્ક ચોક્કસ પ્રદેશમાં

ઓવરલોડ થવાનું જોખમ ચલાવે છે, તો ઓપરેટરો બેઝ સ્ટેશનોની ઘનતા વધારીને ક્ષમતા વધારી શકે છે.

સેલ્યુલર નેટવર્ક માત્ર બેઝ સ્ટેશનો ધરાવતું નથી પરંતુ તેમાં બેઝ સ્ટેશનોના પરસ્પર જોડાણ, ગતિશીલતા સહાય, સેવા જોગવાઈ અને ઈન્ટરનેટ જેવા અન્ય નેટવર્ક્સ સાથે જોડાણ માટે નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ સમાવેશ થાય છે. તેથી, સેલ્યુલર નેટવર્કમાં ઘણા એક્સેસ નેટવર્ક્સ હોય છે, જેમાં ટર્મિનલને નેટવર્ક સાથે જોડવા માટે જરૂરી રેડિયો સાધનોનો સમાવેશ થાય છે. એક્સેસ નેટવર્ક્સ કોર નેટવર્ક દ્વારા પરસ્પર જોડાયેલા હોય છે. ઉદાહરણ તરીકે, જીએસએમ માં, એક્સેસ નેટવર્કને બેઝ સ્ટેશન સબસિસ્ટમ ("બીએસએસ") તરીકે ઓળખવામાં આવે છે જ્યારે કોર નેટવર્કને મોબાઈલ સ્વિચિંગ એન્ડ મેનેજમેન્ટ સબસિસ્ટમ ("એસએમએસએસ") તરીકે દર્શાવવામાં આવે છે. એર ઈન્ટરફેસનું નિરીક્ષણ અને નિયંત્રણ કરવા માટે બીએસએસ જવાબદાર છે. બીએસએસ બે અલગ અલગ ઘટકો ધરાવે છે, એટલે કે બેઝ ટ્રાન્સસીવર સ્ટેશન ("બીટીએસ") અને બેઝ સ્ટેશન કંટ્રોલર ("બીએસસી"). બીટીએસ નો અર્થ "બેઝ સ્ટેશન" થાય છે. તેમાં ટ્રાન્સમીટર અને રીસીવર સાધનો તેમજ એન્ટેના હોય છે. બેઝ સ્ટેશન પ્રોટોકોલ પ્રોસેસિંગના સંકેત આપવા માટે ખૂબ જ મર્યાદિત ક્ષમતાઓથી સજ્જ છે. મોટાભાગનું કામ, ઉદાહરણ તરીકે, ચેનલોની ફાળવણી અને મુક્તિ બીએસસી દ્વારા કરવામાં આવે છે. જો ગ્રાહક બેઝ સ્ટેશનો વચ્ચે ફરે છે તો સર્કિટ-સ્વિચ્ડ કનેક્શન રાખવા માટે જરૂરી એવું હેન્ડઓવરનું નિયંત્રણ અને અમલ કરવા માટે બીએસસી મુખ્યત્વે જવાબદાર છે. તેથી, દરેક

બીએસસી ઘણા બેઝ સ્ટેશનોનું નિયંત્રણ કરે છે, જે ફિક્સ્ડ લાઇન અથવા રેડિયો લિંક સિસ્ટમ્સ દ્વારા બીએસસી સાથે જોડાયેલા હોય છે. બીજી બાજુ, મોબાઇલ સ્વિચિંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ એ મોબાઇલ ગ્રાહક સાથે અને તેનાથી કનેક્શન સ્થાપિત કરવા માટે સ્વિચિંગ નોડ્સ અને ડેટાબેસેસનું એક નિશ્ચિત નેટવર્ક છે. એચએલઆર અને વીએલઆર એ બે મહત્વપૂર્ણ ડેટાબેઝ છે જે એમએસસી માં નંબરિંગ પ્લાનનો પાયો છે. સ્વિચિંગ ઘટકો મોબાઇલ સ્વિચિંગ સેન્ટર ("એમએસસી") અને ગેટવે એમએસસી ("જીએમએસસી") છે. સ્થાનિકીકરણ અને હેન્ડઓવરના હેતુઓ માટે એમએસસી સંખ્યાબંધ બીએસસી ને નેટવર્ક સાથે જોડે છે. આમ, તે એમએસસી છે જે તેના બીએસસી પર એમએસસી સાથે જોડાયેલા તમામ બેઝ સ્ટેશનો દ્વારા સંચાલિત મર્યાદિત ભૌગોલિક પ્રદેશની સેવા માટે જવાબદાર છે. મોબાઇલ નેટવર્કમાં, જ્યારે કનેક્શન સ્થાપિત કરવાનું હોય ત્યારે તે એમએસસી છે જે મોબાઇલ ગ્રાહકના વર્તમાન સ્થાનના આધારે અન્ય સ્વીચ નક્કી કરે છે. આ હેતુ માટે, નંબરિંગ પ્લાન લાગુ કરવા માટે એમએસસી દરેક ગ્રાહક માટે સ્થાનિક નેટવર્ક સાથે પણ જોડાયેલ છે. જે વિસ્તારમાંથી કૉલ ઉદ્ભવે છે, તે કૉલ મોબાઇલમાંથી છે કે ફિક્સ્ડ વાયરલાઇનમાંથી છે તે તેના પ્રકારની ઓળખ એમએસસી માં જરૂરી સોફ્ટવેર ધરાવતા કમ્પ્યુટર દ્વારા કરવામાં આવે છે.

### (૧૨) ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ ડબલ્યુએલએલ(એફ):

ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ ("એફડબલ્યુએ") જે ડબલ્યુએલએલ(એફ) તરીકે પણ ઓળખાય છે તેનું કવરેજ વાયરલેસ લોકલ એરિયા નેટવર્ક્સ

("ડબલ્યુલેન્સ") અને સેલ્યુલર સંચાર પ્રણાલીઓ વચ્ચે હોય છે. એફડબલ્યુએ નો મુખ્ય હેતુ સેન્ટ્રલ રેડિયો બેઝ સ્ટેશનો સાથે વાતચીત કરતા બાહ્ય એન્ટેના દ્વારા ઇમારતોને નેટવર્ક એક્સેસ પૂરો પાડવાનો છે. આ રીતે, ઇમારતમાં વપરાશકર્તાઓને પરંપરાગત ઇન–બિલ્ડિંગ નેટવર્ક્સ સાથે નેટવર્ક સાથે જોડાવાની મંજૂરી આપવામાં આવે છે.

એફડબલ્યુએ એ એક એવી સેવા છે જેમાં વાયરલેસ એક્સેસ વધારાની સુવિધાઓ વિના સસ્તા કેબલ રિપ્લેસમેન્ટ તરીકે બનાવાયેલ છે. એફડબલ્યુએ વપરાશકર્તાઓના ઘરો સુધીની તાંબાની લાઈનોને વાયરલેસ લિંક્સ દ્વારા બદલે છે, પરંતુ ગતિશીલતાના ચોક્કસ લાભ વિના. મૂળ હેતુ ગ્રાહકોને તાંબાની લાઈનોને બાયપાસ કરીને મૂળભૂત ફોન સેવાઓ માટે એક્સેસ આપવાનો હતો.

ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ સિસ્ટમ એ સેવાનો એક પ્રકાર છે. એફડબલ્યુએ સિસ્ટમને કોર્ડલેસ ફોન અથવા વાયરલેસ લોકલ એરિયા નેટવર્કના વ્યુત્પન્ન તરીકે પણ ગણી શકાય. એફડબલ્યુએ સિસ્ટમ આવશ્યકપણે વપરાશકર્તા અને જાહેર લેન્ડલાઇન સિસ્ટમ વચ્ચેના સમર્પિત કેબલ કનેક્શનને બદલે છે. નોંધનીય મહત્વનો તફાવત એ છે કે એફડબલ્યુએ સિસ્ટમ કોર્ડલેસ ફોન જેવી નથી. કોર્ડલેસ સિસ્ટમથી મુખ્ય તફાવત એ છે કે એફડબલ્યુએ સિસ્ટમમાં વપરાશકર્તા ઉપકરણોની કોઈ ગતિશીલતા હોતી નથી. ગતિશીલતા અને સુવાહ્યતા વચ્ચે તફાવત છે. મોબાઈલ ઉપકરણ પોર્ટેબલ હોઈ શકે છે પરંતુ દરેક પોર્ટેબલ ઉપકરણ મોબાઈલ હોતું નથી. એફડબલ્યુએ નો હેતુ વપરાશકર્તાઓને સેન્ટ્રલ સ્વિચિંગ ઓફિસથી

વપરાશકર્તાના પરિસર સુધી કેબલ નાખ્યા વિના ટેલિફોન અને ડેટા કનેક્શન પ્રદાન કરવામાં રહેલો છે. તેથી, વાયરલાઇન મૂળભૂત ફોનની તુલનામાં તે ખર્ચ–અસરકારક છે.

### (૧૩) મોબાઈલ ગ્રાહકની ઓળખ:

એનાલોગ વાયરલેસ નેટવર્કમાં દરેક મોબાઇલ સ્ટેશન ("એમએસ") તેની સાથે કાયમ માટે સંકળાયેલા એક જ નંબર દ્વારા ઓળખાય છે. આ એમએસ પરથી સ્થાપિત થયેલા તમામ જોડાણો તેના નોંધાયેલા માલિકને બિલ કરવામાં આવે છે. જો કે, જીએસએમ ના કિસ્સામાં, ગ્રાહકને સિમ (SIM) દ્વારા ઓળખવામાં આવે છે, જે પ્લગ–ઈન ચિપ કાર્ડ છે. જીએસએમ ના કિસ્સામાં, એમએસ માત્ર ત્યારે જ કૉલ કરી અને પ્રાપ્ત કરી શકે છે જ્યારે આવું સિમ પ્લગ ઈન અને સક્રિય હોય. એમએસ પરથી કરવામાં આવતા તમામ કૉલ્સ જે ગ્રાહકનું સિમ પ્લગ ઈન થયેલું હોય તેને બિલ કરવામાં આવે છે. વધુમાં, એમએસ ફક્ત સિમના માલિકના નંબર પર આવતા કૉલ્સ જ મેળવે છે. તેથી, બિલિંગ પ્રક્રિયા માટે સિમ મૂળભૂત મહત્વ ધરાવે છે. એ નોંધી શકાય કે "વોકી" માં પણ પ્લગ–ઈન ચિપ કાર્ડ છે જે સાધનમાં ઈનબિલ્ટ છે.

ગતિશીલતા એ મોટાભાગની વાયરલેસ સિસ્ટમોની સહજ વિશેષતા છે. જો એમએસ (વપરાશકર્તા) તરફથી ઈનકમિંગ કૉલ આવે છે, તો નેટવર્કે જાણવું પડશે કે વપરાશકર્તા કયા સેલમાં સ્થિત છે. પ્રથમ આવશ્યકતા એ છે કે એમએસ નિયમિત સમયાંતરે સિગ્નલ બહાર કાઢે છે, જે નજીકના પડોશમાં આવેલા બેઝ સ્ટેશનોને માહિતી આપે છે. બે ડેટાબેંકો પછી આ માહિતીનો ઉપયોગ કરે છે: હોમ લોકેશન

રજિસ્ટર ("એચએલઆર") અને વિઝિટર લોકેશન રજિસ્ટર ("વીએલઆર"). એચએલઆર એ સેન્ટ્રલ ડેટા બેઝ છે જે વપરાશકર્તા હાલમાં કયા સ્થાન પર છે તેનો ટ્રેક રાખે છે; વીએલઆર એ ચોક્કસ બેઝ સ્ટેશન સાથે સંકળાયેલ ડેટા બેઝ છે જે ચોક્કસ બેઝ સ્ટેશનના કવરેજ વિસ્તારમાં હાલમાં રહેલા તમામ વપરાશકર્તાઓની નોંધ રાખે છે. જો કોઈ એમએસ સેલ સીમા પાર કરે છે, તો એક અલગ બેઝ સ્ટેશન સેવા આપતું બેઝ સ્ટેશન બને છે. બીજા શબ્દોમાં કહીએ તો, એમએસ એક બીએસ પરથી બીજા બીએસ પર સોંપવામાં આવે છે. આવું હેન્ડઓવર કૉલમાં ખલેલ પહોંચાડ્યા વિના થવું જોઈએ.

એચએલઆર એક એમએસસી સાથે સંકળાયેલા મોબાઈલ ગ્રાહકોના તમામ નંબરો અને આમાંના દરેક ગ્રાહકના સ્થાન વિશેની માહિતી ધરાવે છે. ઇનકમિંગ કૉલના કિસ્સામાં, ઈચ્છિત ગ્રાહકનું સ્થાન એચએલઆર માં તપાસવામાં આવે છે અને તે પછી જ કૉલ તે સ્થાન પર ફોરવર્ડ કરવામાં આવે છે. કૉલ બીએસસી ને ફોરવર્ડ કરવામાં આવે છે જેના વિસ્તારમાં ગ્રાહક રૂટ કરી રહ્યો છે અને એક બીટીએસ ની પસંદગી એ બીએસસી ની જવાબદારી છે. તેથી, કોઈ એવો નિષ્કર્ષ કાઢી શકે છે કે સમયાંતરે નિયંત્રક એમએસ (વપરાશકર્તા) એ તેના સ્થાનના અપડેટ્સ તેના એચએલઆર ને મોકલવા પડે છે. તે જ સમયે, વીએલઆર અને એમએસસી અન્ય નેટવર્ક્સના મોબાઈલ ગ્રાહકો વિશેની તમામ માહિતી ધરાવે છે જેઓ આ એમએસસી ના વિસ્તારમાં છે અને આ એમએસસી ના નેટવર્કમાં રોમિંગ કરવાની મંજૂરી ધરાવે

છે. પ્રમાણીકરણ કેન્દ્ર કનેક્શનની વિનંતી કરતા દરેક એમએસ ની ઓળખની ચકાસણી કરે છે.

ઉપરોક્ત ચર્ચા એમએસસી, બીએસસી અને બીટીએસ ની કાર્યક્ષમતા દર્શાવે છે. ડેટા બેઝ એમએસસી માં છે. તે વધુમાં બીટીએસ ની કાર્યક્ષમતા દર્શાવે છે. બીટીએસ આવશ્યકપણે ટ્રાન્સમિશન સાથે સંકળાયેલ છે. સમગ્ર ડેટા બેઝ અને વપરાશકર્તા તથા કૉલને ઓળખવાનું કાર્ય એમએસસી માં છે. નંબરિંગ પ્લાન એ એમએસસી સાથેના નેટવર્કના મહત્વપૂર્ણ તત્વોમાંનું એક છે. સ્વિચિંગ સિસ્ટમ એમએસસી સાથે છે. નેટવર્ક અને સ્વિચિંગ સિસ્ટમમાં ઉપરોક્ત બે ડેટાબેઝનો સમાવેશ થાય છે.

નેટવર્ક અને સ્વિચિંગ સબસિસ્ટમ ("એનએસએસ") નો મુખ્ય ઘટક એમએસસી છે, જે વિવિધ બીએસસી વચ્ચેના ટ્રાફિકને નિયંત્રિત કરે છે. એમએસસી નું એક કાર્ય ગતિશીલતા સંચાલન છે. અન્ય કાર્યો પેજિંગ અને સ્થાન અપડેટ છે. નેટવર્ક્સ વચ્ચેની તમામ ક્રિયાપ્રતિક્રિયાઓ – ખાસ કરીને લેન્ડલાઇન પબ્લિક સ્વિચ્ડ ટેલિફોન નેટવર્ક ("પીએસટીએન") – એમએસસી દ્વારા કરવામાં આવે છે. તેથી, નંબરિંગ પ્લાન, રેડિયો ફ્રીક્વન્સી ("આરએફ"), બીટીએસ, બીએસસી, એમએસસી, ડેટાબેસીસ વગેરે સેવા પ્રદાતાઓના નેટવર્કના ઘટકો બનાવે છે.

બીટીએસ અને બીએસસી એ બેઝ સ્ટેશન સબસિસ્ટમ ("બીએસએસ") ના મહત્વપૂર્ણ ઘટકો છે. બીએસએસ ના ઘટકો નેટવર્ક અને સ્વિચિંગ સબસિસ્ટમ ("એનએસએસ") ના ઘટકો કરતા અલગ છે. એનએસએસ નો ઘટક એમએસસી છે

જ્યારે બીએસએસ નો ઘટક બેઝ ટ્રાન્સસીવર સ્ટેશનો ("બીટીએસ") અને બેઝ સ્ટેશન કંટ્રોલર્સ ("બીએસસી") ધરાવે છે. બીટીએસ તેના સેલમાં મોબાઇલ સ્ટેશનો ("એમએસ") સાથે જોડાણ સ્થાપિત કરે છે અને જાળવી રાખે છે. એમએસ અને બીટીએસ વચ્ચેનું ઇન્ટરફેસ એર ઇન્ટરફેસ છે. બીટીએસ બેઝ સ્ટેશનના એન્ટેના અને રેડિયો ફ્રીક્વન્સી હાર્ડવેર તેમજ બહુવિધ એક્સેસ માટેના સોફ્ટવેરનું સંચાલન કરે છે. કેટલાક બીટીએસ એક બીએસસી સાથે જોડાયેલા છે; તેઓ ક્યાં તો એકસાથે સ્થિત હોય છે, અથવા લેન્ડલાઇન, માઇક્રોવેવ રેડિયો લિંક્સ અથવા સમાન જોડાણો દ્વારા જોડાયેલા હોય છે.

બીએસસી નિયંત્રણ કાર્યક્ષમતા ધરાવે છે. તે એક જ બીએસસી સાથે જોડાયેલા બે બીટીએસ વચ્ચે હેન્ડ ઓવર ("એચઓ") માટે જવાબદાર છે. બીટીએસ અને બીએસસી વચ્ચે કાર્યોનું વિતરણ ઉત્પાદકના આધારે અલગ હોઈ શકે છે. મોટાભાગના કિસ્સાઓમાં, એક બીએસસી કેટલાક બીટીએસ સાથે જોડાયેલ હોય છે. તેથી, બીએસસી માં શક્ય તેટલી વધુ કાર્યક્ષમતા સ્થાનાંતરિત કરીને અમલીકરણની કાર્યક્ષમતા વધારવી શક્ય છે. સામાન્ય રીતે, બીએસએસ ચેનલ સોંપણી, લિંક ગુણવત્તા અને એચઓ ની જાળવણી, પાવર કંટ્રોલ, કોડિંગ અને એન્ક્રિપ્શન માટે જવાબદાર છે.

### (૧૪) વાયરલેસ સિસ્ટમ્સ અને સેવાઓ વચ્ચેનો તફાવત:

સિસ્ટમોમાં, ગતિશીલતાનું પોતાનું મૂલ્ય છે – દા.ત., સેલ્યુલર ટેલિફોનીમાં. આવી સેવાઓ ગ્રાહક પાસેથી પ્રીમિયમ વસૂલ કરી શકે છે – એટલે કે, તે સમકક્ષ

વાયર્ડ સિસ્ટમ્સ કરતાં વધુ ખર્ચાળ છે. સેલ્યુલર ટેલિફોનીમાં લેન્ડલાઇન ટેલિફોની કરતાં પ્રતિ–મિનિટ કિંમત વધારે છે અને છતાં સ્પર્ધાને કારણે કિંમત નીચે આવી છે. સેવાઓ જ્યાં વાયરલેસ એક્સેસ વધારાની સુવિધાઓ વિના સસ્તા કેબલ રિપ્લેસમેન્ટ તરીકે બનાવાયેલ છે તે ખર્ચ–અસરકારક હોવી જોઈએ, કારણ કે તેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વાયર્ડ કનેક્શન્સ કરતાં સસ્તું હોવું જોઈએ. આવી સેવાઓનું ઉત્તમ ઉદાહરણ એફડબલ્યુએ છે.

સિસ્ટમ્સના કિસ્સામાં, ગતિશીલતા મૂલ્યવાન છે જ્યારે સેવાઓના કિસ્સામાં, વાયરલેસ એક્સેસ વધારાની સુવિધાઓ વિના એક સસ્તું કેબલ રિપ્લેસમેન્ટ છે.

**સંદર્ભો:**

પેટા–પેરા (૧) થી (૧૪) વચ્ચેની વિભાવનાઓનો ઉપરોક્ત તકનીકી ડેટા નીચેના પુસ્તકોના સંદર્ભો પર આધારિત છે:


૧. વાયરલેસ કમ્યુનિકેશન્સ – એન્ડ્રેસ એફ. મોલિશ દ્વારા

૨. વાયરલેસ ઈન્ટેલિજન્ટ નેટવર્કિંગ – ગેરી ક્રિસ્ટનસેન, પોલ જી. ફ્લોરાક અને રોબર્ટ ડંકન દ્વારા

૩. ઈન્ડિયા – ધ ઈમર્જિંગ જાયન્ટ – અરવિંદ પાનગઢિયા દ્વારા

૪. લોકેશન–બેઝ્ડ સર્વિસીસ – ફંડામેન્ટલ્સ એન્ડ ઓપરેશન – એક્સેલ કુપર દ્વારા

૫. ફ્રોમ ડબલ્યુપીએએન ટુ પર્સનલ નેટવર્ક્સ–ટેકનોલોજીસ એન્ડ એપ્લિકેશન્સ – રામજી પ્રસાદ અને લ્યુક ડેનેઈર દ્વારા

૬. મેકગ્રો હિલ એન્સાયક્લોપીડિયા ઓન નેટવર્કિંગ એન્ડ ટેલિકોમ્યુનિકેશન્સ – ટોમ શેલ્ડન દ્વારા

૭. એન્સાયક્લોપીડિયા ઓફ ટેકનોલોજી ટર્મ્સ – વોટઈઝ.કોમ દ્વારા

**(૧૫) સામાન્ય જરૂરિયાતો (જેનરિક રિક્વાયરમેન્ટ્સ):**

**(એ) વાયરલેસ લોકલ લૂપ સિસ્ટમનું સામાન્ય મોડેલ:**

ઉપર જણાવેલ ટેકનિકલ ડેટાના સંદર્ભો ઉપરાંત, ભારત સરકાર (ડીઓટી) એ ડિજિટલ ડબલ્યુએલએલ સિસ્ટમ સંબંધિત સામાન્ય જરૂરિયાતો અંગે જી.આર. નં. જી/ડબલ્યુએલએલ–૦૧/૦૧. મે ૯૬ જારી કરેલ છે. મે, ૧૯૯૬ જેટલા જૂના સમયમાં જારી કરાયેલ આ સામાન્ય જરૂરિયાતો ઉપરોક્ત સંદર્ભ પુસ્તકોમાં દર્શાવેલ તકનીકી વિભાવનાઓને અનુરૂપ છે. તે ઉપર જણાવેલ બાબતોને સમર્થન આપે છે. તેથી, અમે ઉપરોક્ત જી.આર. માંથી સંબંધિત ફકરા નીચે ટાંકીએ છીએ:

**"૧.૦ પ્રસ્તાવના**

૧.૧ આ સામાન્ય જરૂરિયાત (જીઆર) ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન (ડીઓટી) ગ્રાહક એક્સેસ નેટવર્ક માટે દ્વિ–માર્ગી સંચાર પૂરો પાડવા માટે ડિજિટલ વાયરલેસ લોકલ લૂપ (ડબલ્યુએલએલ) સિસ્ટમ સાથે સંબંધિત છે. તે એક્સચેન્જથી ૨૫ કિમી સુધી સ્થિત ગ્રાહકોને આવરી લેવા માટે વાયરલેસ જોડાણો

પ્રદાન કરવા માટે ડિઝાઇન કરવામાં આવશે. આ સ્પષ્ટીકરણ ડબલ્યુએલએલ સિસ્ટમના વિવિધ ઘટકો જેમ કે બેઝ સ્ટેશન કંટ્રોલર (બીએસસી), બેઝ સ્ટેશન (બીએસ), નેટવર્ક મેનેજમેન્ટ સિસ્ટમ (એનએમએસ), અને રિમોટ સ્ટેશન (આરએસ) ની તકનીકી અને સામાન્ય જરૂરિયાતોને આવરી લે છે. રિમોટ સ્ટેશન એ એક ફિક્સ્ડ સબ્સ્ક્રાઇબર એડેપ્ટર યુનિટ હશે જે માનક ૨ ડબલ્યુ એનાલોગ ઇન્ટરફેસ જેમ કે સ્ટાન્ડર્ડ ટેલિફોન, ફેક્સ, ડેટા મોડેમ, પેફોન અને લાગુ પડતા હોય તેવા ૬૪ કેબીપીએસ ઇન્ટરફેસને સમર્થન આપવા સક્ષમ હશે.

૧.૩ વાયરલેસ લોકલ લૂપ સિસ્ટમના સામાન્ય મોડેલમાં નીચે મુજબના ઘટકો હોય છે:

૧. બેઝ સ્ટેશન (બીએસ)

૨. રિમોટ સ્ટેશન (આરએસ)

૩. બેઝ સ્ટેશન કંટ્રોલર (બીએસસી)

૪. નેટવર્ક મેનેજમેન્ટ સિસ્ટમ (એનએમએસ)

૧.૪ બેઝ સ્ટેશન કંટ્રોલર ડબલ્યુએલએલ સિસ્ટમ અને પીએસટીએન વચ્ચેના આંતરિક જોડાણ માટે જવાબદાર છે. તે વ્યક્તિગત વપરાશકર્તાઓને ટ્રાફિક ચેનલો સોંપે છે, સિસ્ટમની કામગીરીનું નિરીક્ષણ કરે છે અને બીએસ તથા પીએસટીએન સ્વીચ વચ્ચે ઇન્ટરફેસ પ્રદાન કરે છે વગેરે. બીએસસી ક્યાં તો પીએસટીએન સ્વીચ સાથે સહ–સ્થિત હોઈ શકે છે અથવા આ જીઆર ની કલમ નં. ૧૩.૧ માં નિર્દિષ્ટ

કર્યા મુજબ ઇન્ટરફેસ દ્વારા પીએસટીએન સ્વીચ સાથે જોડાયેલા અલગ સ્થાન પર સ્થિત હોઈ શકે છે. પીએસટીએન સાથે જંકશન ઇન્ટરફેસના કિસ્સામાં, બીએસસી એ બીએસસી દ્વારા આવરી લેવાયેલા વિસ્તાર માટે સ્વિચિંગ અને ચાર્જીંગ કાર્યો પ્રદાન કરવાના રહેશે.

૧.૬ બેઝ સ્ટેશન (બીએસ) એ અનુકૂળ રીતે સ્થિત બહુવિધ સર્કિટ ટ્રાન્સસીવર્સ છે જે સેલ અથવા સેક્ટર પર પ્રસારિત થશે. તેમાં રેડિયો મોડ્યુલ્સ, બેઝબેન્ડ સિગ્નલ પ્રોસેસર, નેટવર્ક ઇન્ટરફેસ, એન્ટેના, ફીડર વગેરેનો સમાવેશ થાય છે. તે બીએસસી સાથે સહ–સ્થિત અથવા દૂરસ્થ રીતે સ્થિત હોઈ શકે છે.

૧.૭ રિમોટ સ્ટેશન (આરએસ) નેટવર્ક પર સિંગલ સર્કિટ અને વૈકલ્પિક રીતે બહુવિધ સર્કિટ એક્સેસ પ્રદાન કરે છે. રિમોટ સ્ટેશનના કાર્યો વપરાશકર્તાના સંદેશને તેના મૂળ સ્વરૂપમાંથી યોગ્ય ડિજિટલ સિગ્નલમાં રૂપાંતરિત કરવા અને આ સિગ્નલને રેડિયો ટ્રાન્સમિશન માટે યોગ્ય સ્વરૂપમાં અનુવાદિત કરવાના, બેઝ સ્ટેશન દ્વારા નેટવર્ક પર પ્રવેશ સ્થાપિત કરવાના છે. તેમાં પાવર સપ્લાય, યુઝર ઇન્ટરફેસ, એન્ટેના, ફીડર વગેરે પણ હોય છે અને તેમાં ગ્રાહક પરિસર સાધનોનો સમાવેશ થતો નથી.

૧.૮ સિસ્ટમ ગ્રાહકને તે જ સુવિધાઓની મંજૂરી આપશે જે આ જીઆર ની કલમ નં. ૪.૨ માં વ્યાખ્યાયિત કર્યા મુજબ વાયર લાઇન ગ્રાહકો માટે ઉપલબ્ધ છે.

**૨.૦ સામાન્ય જરૂરિયાતો**

૨.૧૨ રિમોટ સ્ટેશન સાધન એ ગ્રાહકોને ન્યૂનતમ અસુવિધા સાથે દિવાલ પર માઉન્ટ કરવા માટે યોગ્ય ફિક્સ્ડ ઇનડોર/આઉટડોર યુનિટ હશે. માઉન્ટિંગ માટેની તમામ એક્સેસરીઝ સાધનો સાથે પૂરી પાડવામાં આવશે.

૨.૨૦ ગતિશીલતા કાર્યો: વૈકલ્પિક રીતે સિસ્ટમ નિયુક્ત વિસ્તારમાં મર્યાદિત ગતિશીલતાને સમર્થન આપી શકે છે. મોબાઇલ હેન્ડસેટ મોબાઇલ એપ્લિકેશન માટે સંબંધિત ધોરણોને અનુરૂપ હોવા જોઈએ. સાધન સપ્લાયરે ઓફર કરેલા સાધનો માટે ગતિશીલતા માટેનો કવરેજ વિસ્તાર દર્શાવવાનો રહેશે.

**૧૨.૦ નેટવર્ક મેનેજમેન્ટ સિસ્ટમ (એનએમએસ):**

નેટવર્ક મેનેજમેન્ટ સિસ્ટમ (એનએમએસ) નીચેના કાર્યો કરવા સક્ષમ હોવી જોઈએ:

(૧) બીએસસી, બીએસ, આરએસ અને તેમની વચ્ચેની લિંક્સ સહિત ફોલ્ટ લોકલાઈઝેશન.

(૨) નેટવર્ક કન્ફિગરેશન એટલે કે, નેટવર્ક તત્વોનો ઉમેરો, કાઢી નાખવું અને ફેરફાર વગેરે.

(૩) કામગીરી, ડેટા સંગ્રહ.

(૪) અનધિકૃત એક્સેસ સામે સુરક્ષા.

(૫) નેટવર્ક આંકડા – નેટવર્કના ખામીયુક્ત તત્વોના વિઝ્યુઅલ ડિસ્પ્લે સાથે ચેનલ ઓક્યુપન્સી, રિજેક્ટેડ કોલ્સ વગેરે સંબંધિત ડેટા.

**૧૫.૦ એન્ટેના:**

સિસ્ટમનું ઇચ્છિત કવરેજ અને કામગીરી મેળવવા માટે એન્ટેનાનો પ્રકાર અને ગેઇન સપ્લાયર દ્વારા નક્કી કરવામાં આવી શકે છે. વિગતવાર સ્પષ્ટીકરણો (તકનીકી તેમજ યાંત્રિક) સાધન સપ્લાયર દ્વારા રજૂ કરવામાં આવશે. બીએસ અને આરએસ પર એન્ટેના માઉન્ટ કરવા માટેના ફિક્સર એન્ટેના સપ્લાયના ભાગ તરીકે સામેલ કરવામાં આવશે."

**(બી) વાયરલેસ એક્સેસના સિદ્ધાંતો:**

ઇન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન–રેડિયો કમ્યુનિકેશન એસેમ્બલી ("આઇટીયુ–આરસીએ") ની ભલામણોમાં વાયરલેસ એક્સેસના સિદ્ધાંતો પણ દર્શાવવામાં આવ્યા છે. તે નીચે મુજબ છે:

**"૧ પ્રસ્તાવના**

આ ભલામણમાં મુખ્યત્વે તે શબ્દો અને વ્યાખ્યાઓનો સમાવેશ થાય છે જે વાયરલેસ એક્સેસના સિદ્ધાંતોની સમજ અને ઉપયોગ માટે આવશ્યક માનવામાં આવે છે. જો કે, તે વાયરલેસ એક્સેસ માટે જ વિશિષ્ટ નથી અને અન્ય પ્રકારની ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમ્સ અને સેવાઓ માટે પણ, જ્યાં સુધી તે સુસંગત હોય ત્યાં સુધી, લાગુ કરવા માટે ભલામણ કરવામાં આવે છે.

રેડિયો રેગ્યુલેશન્સ (આરઆર) અને અન્ય આઇટીયુ–આર/આઇટીયુ–ટી ભલામણોમાં પહેલેથી જ વ્યાખ્યાયિત કરવામાં આવ્યા હોય તેવા શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે, અહીં આપેલી વ્યાખ્યાઓ ફક્ત આવશ્યક વિભાવનાઓને

જ સ્વીકારે છે અને આ આધારે એવું માનવામાં આવે છે કે તે તે લખાણોમાં દેખાતી વધુ વિશિષ્ટ વ્યાખ્યાઓ સાથે અસંગત નથી.

જ્યાં ટૂંકો શબ્દ સમજી શકાય તેવા સંદર્ભમાં વ્યાપકપણે વપરાય છે, ત્યાં બોલચાલના રૂપ પછી સંપૂર્ણ શબ્દ ટાંકવામાં આવે છે.

કેટલીક વ્યાખ્યાઓમાં ઇટાલિક લખાણમાં શબ્દોનો સમાવેશ થાય છે જે દર્શાવે છે કે આ શબ્દો આ ભલામણમાં અન્યત્ર વ્યાખ્યાયિત થયેલ છે.

વાયરલેસ એક્સેસના અમલીકરણ માટે આજે ઉપયોગમાં લેવાતી ટેકનોલોજીમાં સેલ્યુલર સિસ્ટમ્સ, કોર્ડલેસ ફોન અને કોર્ડલેસ ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમ્સ, સેટેલાઇટ સિસ્ટમ્સ વગેરેનો સમાવેશ થાય છે. નવી ટેકનોલોજી અને સિસ્ટમ્સ જેમ કે આઇએમટી–૨૦૦૦, વાયરલેસ બ્રોડબેન્ડ આઇએસડીએન, વાયરલેસ એટીએમ, એચએપીએસ વગેરે પણ વાયરલેસ એક્સેસનો ભાગ બને છે જો તેઓ કોર નેટવર્ક્સ સાથે અંતિમ–વપરાશકર્તા રેડિયો કનેક્શન(ઓ) ના મૂળભૂત માપદંડોને પૂર્ણ કરતા હોય.

વાયરલેસ એક્સેસને ઘણા દ્રષ્ટિકોણથી ધ્યાનમાં લઈ શકાય છે, ઉદાહરણ તરીકે: ટર્મિનલની ગતિશીલતા ક્ષમતાઓ: ફિક્સ્ડ, નોમેડિક (વિવિધ સ્થળોએ ઉપયોગ થઈ શકે છે પરંતુ ઉપયોગ કરતી વખતે ટર્મિનલ સ્થિર હોવું જોઈએ), મોબાઇલ, પ્રતિબંધિત ગતિશીલતા (દા.ત. એક જ સેલની અંદર), વગેરે.

– સેવા સહાય ક્ષમતાઓ: નેરો–બેન્ડ, બ્રોડબેન્ડ, મલ્ટીમીડિયા, વગેરે.

– ટેલિકોમ્યુનિકેશન સેવાનો પ્રકાર: વાતચીત, વિતરણ, માહિતી પુનઃપ્રાપ્તિ.

– કનેક્ટિવિટી: (જે સ્વિચ્ડ નેટવર્ક પર આધારિત રહેશે જેને ટર્મિનલ એક્સેસ કરે છે, દા.ત. ઇન્ટરનેટ, પીએસટીએન, વગેરે).

– રેડિયો ટ્રાન્સમિશન ટેકનોલોજી: એક્સેસ ટેકનિક (ટીડીએમએ, સીડીએમએ, વગેરે), મોડ્યુલેશન ટેકનિક (એનાલોગ, ડિજિટલ, વગેરે), ડુપ્લેક્સ ટેકનિક (એફડીડી, ટીડીડી, વગેરે), વગેરે.

– ડિલિવરી મિકેનિઝમ: પાર્થિવ (ટેરેસ્ટ્રિયલ), ઉપગ્રહ, વગેરે. વાયરલેસ એક્સેસ સિસ્ટમ્સની ગતિશીલતા લાક્ષણિકતાઓ ખાસ રસ ધરાવે છે; આમ આ ભલામણ "ફિક્સ્ડ", "મોબાઇલ" અને "નોમેડિક" વાયરલેસ એક્સેસ શબ્દોની વ્યાખ્યાઓ પૂરી પાડે છે. આ ભલામણનો હેતુ પાર્થિવ વાયરલેસ એક્સેસ માટેના શબ્દો અને વ્યાખ્યાઓ નિર્દિષ્ટ કરવાનો છે.

## ૨ કાર્યક્ષેત્ર

ભલામણ મુખ્યત્વે પાર્થિવ વાયરલેસ એક્સેસ સિસ્ટમ્સના ક્ષેત્રમાં કેન્દ્રિત શબ્દો માટેની વ્યાખ્યાઓ નિર્દિષ્ટ કરે છે. વાયરલેસ એક્સેસ એપ્લિકેશન્સ આરઆર માં સમાવિષ્ટ રેડિયો સેવાઓ એફએસ, એમએસ, એફએસએસ અને એમએસએસ ની વ્યાખ્યાઓની અંદર પૂરી પાડવામાં આવી શકે છે.

આઇટીયુ એ "લૂપ" શબ્દના ઉપયોગને નાપસંદ કર્યો છે (નીચેના સંદર્ભો જુઓ: સીસીઆઇટીટી બ્લુ બુક, વોલ્યુમ ૧, ફેસિકલ ૧.૩, ૧૯૮૮); આ કારણોસર, અને

તેથી વધુ કારણ કે આ શબ્દ રેડિયો તકનીકો સાથે કોઈ અર્થપૂર્ણ નથી, લૂપનો સમાવેશ કરતા શબ્દોનો ઉપયોગ નાપસંદ કરવામાં આવ્યો છે. આમાં વાયરલેસ લોકલ લૂપ, રેડિયો લોકલ લૂપ અને વાયરલેસ એક્સેસ લોકલ લૂપનો સમાવેશ થાય છે.

એ નોંધવું જોઈએ કે ઘણા કિસ્સાઓમાં સિસ્ટમો વપરાશકર્તાઓના મિશ્રણને (એટલે કે ફિક્સ્ડ, મોબાઇલ અને નોમેડિક) અને સંભવતઃ ગતિશીલતાના પ્રકાર પરના પ્રતિબંધો સાથે સમર્થન આપવા માટે સક્ષમ હોઈ શકે છે. દરેક સંભવિત સંયોજન માટે શબ્દો વ્યાખ્યાયિત કરવા વ્યવહારુ નથી, પરંતુ ઉપરોક્ત શબ્દો સિસ્ટમની પ્રાથમિક લાક્ષણિકતાઓનો સંદર્ભ આપવા માટે પૂરતા હોવા જોઈએ."

વધુમાં, સદર ભલામણ સંબંધિત શબ્દોને પણ વ્યાખ્યાયિત કરે છે. સદર વ્યાખ્યાઓ કલમ ૪.૧ માં સમાવિષ્ટ છે, જે નીચે મુજબ વંચાય છે:

**"૪.૧.૧ વાયરલેસ એક્સેસ**

કોર નેટવર્ક્સ સાથે અંતિમ-વપરાશકર્તા રેડિયો કનેક્શન(ઓ). નોંધ ૧ – કોર નેટવર્ક્સમાં સમાવેશ થાય છે, ઉદાહરણ તરીકે, પીએસટીએન, આઇએસડીએન, પીએલએમએન, પીએસડીએન, ઇન્ટરનેટ, વાન/લેન, સીએટીવી, વગેરે (ટૂંકાક્ષરો અને સંક્ષિપ્ત શબ્દોની સૂચિ માટે § ૪.૪ જુઓ). નોંધ ૨ – અંતિમ-વપરાશકર્તા એક જ વપરાશકર્તા હોઈ શકે છે અથવા બહુવિધ વપરાશકર્તાઓ વતી સેવાઓનો ઉપયોગ કરનાર વપરાશકર્તા હોઈ શકે છે.

### ૪.૧.૨ ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ (એફડબલ્યુએ)

વાયરલેસ એક્સેસ એપ્લિકેશન જેમાં અંતિમ–વપરાશકર્તા ટર્મિનેશનનું સ્થાન અને અંતિમ–વપરાશકર્તા સાથે કનેક્ટ થવા માટેનું નેટવર્ક એક્સેસ પોઈન્ટ નિશ્ચિત હોય છે.

### ૪.૧.૩ મોબાઈલ વાયરલેસ એક્સેસ (એમડબલ્યુએ)

વાયરલેસ એક્સેસ એપ્લિકેશન જેમાં અંતિમ–વપરાશકર્તા ટર્મિનેશનનું સ્થાન મોબાઈલ (ગતિશીલ) હોય છે.

### ૪.૧.૪ નોમેડિક વાયરલેસ એક્સેસ (એનડબલ્યુએ)

વાયરલેસ એક્સેસ એપ્લિકેશન જેમાં અંતિમ–વપરાશકર્તા ટર્મિનેશનનું સ્થાન જુદા જુદા સ્થળોએ હોઈ શકે છે પરંતુ ઉપયોગ કરતી વખતે તે સ્થિર હોવું આવશ્યક છે.

### ૪.૨.૨ બેઝ સ્ટેશન સેન્ટ્રલ સ્ટેશન જુઓ.

### ૪.૨.૪ સેન્ટ્રલ સ્ટેશન

એક અથવા કેટલાક સેલની સેવા માટે ઉપયોગમાં લેવાતા એક જ સ્થળે સ્થિત તમામ રેડિયો સાધનોનું સામાન્ય નામ. નોંધ ૧ – હબ સ્ટેશન તરીકે પણ ઓળખાય છે, અને બેઝ સ્ટેશન તરીકે પણ ઓળખાય છે, તેમ છતાં આરઆર નં. ૧.૭૧ બેઝ સ્ટેશનને વધુ પ્રતિબંધિત રીતે "લેન્ડ મોબાઈલ સેવામાં લેન્ડ સ્ટેશન" તરીકે વ્યાખ્યાયિત કરે છે.

### ૪.૨.૫ ગ્રાહક પરિસર સાધન/નેટવર્ક

વપરાશકર્તા દ્વારા સંચાલિત સાધન/નેટવર્ક. નોંધ ૧ – આઇટીયુ–ટી ભલામણ એચ.૩૧૦ પર આધારિત.

### ૪.૨.૮ અંતિમ–વપરાશકર્તા

એક મનુષ્ય, સંસ્થા અથવા ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમ જે નેટવર્ક દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ મારફતે વાતચીત કરવા માટે નેટવર્કનો ઉપયોગ કરે છે. (આઇટીયુ–ટી ભલામણ જે.૧૧૨ જુઓ).

### ૪.૨.૯ અંતિમ–વપરાશકર્તા કનેક્શન પોઇન્ટ

જે બિંદુએ અંતિમ–વપરાશકર્તા સંચાર સેવા મેળવે છે (આકૃતિ ૧ જુઓ).

### ૪.૨.૧૦ અંતિમ–વપરાશકર્તા ટર્મિનેશન, અંતિમ–વપરાશકર્તા રેડિયો ટર્મિનેશન

અંતિમ–વપરાશકર્તા રેડિયો સાધન એન્ટેના (આકૃતિ ૧ જુઓ).

આકૃતિ ૧ શબ્દોનું ચિત્રણ



અંતિમ–વપરાશકર્તા કનેક્શન પોઇન્ટ

અંતિમ–વપરાશકર્તા રેડિયો ટર્મિનેશન

ધાબા પર એન્ટેના

ફિક્સ્ડ નેટવર્ક એફડબલ્યુએ રેડિયો સ્ટેશન

**(૧૬) સ્થળાંતર (માઇગ્રેશન) પછી યુનિફાઇડ એક્સેસ સર્વિસીસની જોગવાઈ માટે લાયસન્સ કરાર હેઠળ સેવાઓનું વર્ગીકરણ:**

શરૂઆતમાં, એવું કહી શકાય કે હાલના અપીલકર્તાઓ, જેઓ બેઝિક સેવા લાયસન્સ(ઓ) ના ધારકો હતા તેઓ નવેમ્બર, ૨૦૦૩ માં યુનિફાઇડ એક્સેસ સર્વિસીસમાં સ્થળાંતરિત થયા હતા. સદર યુએએસ લાયસન્સ ૨૧.૧૧.૨૦૦૩ થી અમલમાં આવે તે રીતે તારીખ ૨૦.૭.૨૦૦૧ નું છે.

સદર યુએએસ લાયસન્સ "એક્સેસ સર્વિસ" ને આવરી લે છે જેમાં વાયરલાઇન અને/અથવા વાયરલેસ સેવાનો સમાવેશ થાય છે જેમાં સંપૂર્ણ ગતિશીલતા, મર્યાદિત ગતિશીલતા અને એફડબલ્યુએ નો સમાવેશ થાય છે. મૂળભૂત રીતે, આ સિવિલ અપીલોમાં આપણે ત્રણ વાયરલેસ સેવાઓ સાથે સંબંધિત છીએ, એટલે કે, સંપૂર્ણ ગતિશીલતા, મર્યાદિત ગતિશીલતા અને એફડબલ્યુએ. એફડબલ્યુએ શું છે તે પણ આ ચુકાદામાં અગાઉ સમજાવવામાં આવ્યું છે. અમે નીચે કલમ ૨.૨(એ) અને કલમ ૨.૨(સી)(૧) ટાંકીએ છીએ, જે નીચે મુજબ વંચાય છે:

"૨.૨ (એ) સેવાઓ નિયુક્ત સેવા ક્ષેત્રમાં લાયસન્સધારકના નેટવર્ક પર વૉઇસ અને/અથવા નોન-વૉઇસ સંદેશાઓના સંગ્રહ, વહન, પ્રસારણ અને વિતરણને આવરી લે છે અને તેમાં તમામ પ્રકારની એક્સેસ સેવાઓની જોગવાઈનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, પેરા ૨.૨ (બી)(૧) માં સૂચિબદ્ધ સેવાઓ સિવાય લાયસન્સધારક એવી કોઈ સેવા / સેવાઓ પ્રદાન કરી શકશે નહીં કે જેના માટે અલગ લાયસન્સની જરૂર હોય. એક્સેસ સેવામાં વાયરલાઇન અને/અથવા વાયરલેસ સેવાનો સમાવેશ થાય છે પરંતુ તે એટલા પૂરતી મર્યાદિત નથી જેમાં સંપૂર્ણ ગતિશીલતા, કલમ ૨.૨ (સી) (૧) માં વ્યાખ્યાયિત કર્યા મુજબ મર્યાદિત ગતિશીલતા અને ફિક્સ્ડ વાયરલેસ એક્સેસનો સમાવેશ થાય છે. જો કે, લાયસન્સ આપનાર દ્વારા અન્યથા સલાહ/નિર્દેશ આપવામાં ન આવે ત્યાં સુધી લાયસન્સધારક સંપૂર્ણ ગતિશીલતા સેવા હેઠળ તેના ગ્રાહકને રોમિંગ સુવિધા પૂરી પાડવા માટે ભારતમાં અથવા વિદેશમાં અન્ય સેવા પ્રદાતા(ઓ) સાથે કરાર કરવા માટે મુક્ત રહેશે. લાયસન્સધારક આ વિષય પર ટ્રાયના આદેશોના કાર્યક્ષેત્રમાં તેની પસંદગીના ટેરિફ દ્વારા સુવ્યાખ્યાયિત ભૌગોલિક વિસ્તારોમાં સંપૂર્ણ મોબાઇલ સેવાના પેટાજૂથ તરીકે "હોમ ઝોન ટેરિફ સ્કીમ(ઓ)" ઓફર કરી શકે છે. આ સેવા માટે નંબરિંગ અને ઇન્ટરકનેક્શન સંપૂર્ણ મોબાઇલ ગ્રાહકો જેવું જ રહેશે.

૨.૨ (સી) (૧) મર્યાદિત ગતિશીલતા સુવિધાનો લાભ લેતા ગ્રાહકના સંદર્ભમાં, ગતિશીલતા સ્થાનિક વિસ્તાર એટલે કે શોર્ટ ડિસ્ટન્સ ચાર્જિંગ એરિયા (એસડીસીએ) પૂરતી મર્યાદિત રહેશે જેમાં ગ્રાહક નોંધાયેલ છે. આવી સિસ્ટમો તૈનાત કરતી વખતે, લાયસન્સધારકે સંબંધિત એસડીસીએ ના નેશનલ નંબરિંગ પ્લાન અનુસાર એસડીસીએ આધારિત લિંક્ડ નંબરિંગ પ્લાનને અનુસરવું પડશે જેની અંદર સેવા પૂરી પાડવામાં આવે છે અને જે એસડીસીએ માં તે નોંધાયેલ છે તે સિવાયના એસડીસીએ માં સબ્સ્ક્રાઇબર ટર્મિનલ સાધનો સાથે પ્રમાણિત કરવાનું અને કામ કરવાનું શક્ય ન હોવું જોઈએ. વાયરલેસ એક્સેસ સિસ્ટમમાં આવા ગ્રાહકનું ટર્મિનલ માત્ર એક જ એસડીસીએ માં રજીસ્ટર થઈ શકે છે. વાયરલેસ એક્સેસ સિસ્ટમમાં સમાન સબ્સ્ક્રાઇબર ટર્મિનલનો ઉપયોગ કરીને એક કરતાં વધુ એસડીસીએ માં બહુવિધ નોંધણી અથવા અસ્થાયી ગ્રાહક/સબ્સ્ક્રિપ્શન સુવિધાઓની મંજૂરી નથી અને એક કરતાં વધુ એસડીસીએ માં મર્યાદિત મોબાઇલ સુવિધા મેળવવા માટે સમાન સબ્સ્ક્રાઇબર ટર્મિનલનો ઉપયોગ કરી શકાતો નથી. એસડીસીએ ની બહાર કૉલ ફોરવર્ડિંગ દ્વારા કૉલ્સના હેન્ડઓવર સહિત કોઈપણ સંજોગોમાં ગ્રાહકનું હેન્ડઓવર એક એસડીસીએ થી બીજા એસડીસીએ

> માં ન થાય તેની ખાતરી કરવા માટે સિસ્ટમ પણ એવી રીતે ડિઝાઇન કરવામાં આવશે. લાયસન્સધારકે સુનિશ્ચિત કરવું આવશ્યક છે કે આવી મર્યાદિત મોબાઇલ સેવા/સુવિધાના કિસ્સામાં ગતિશીલતા એસડીસીએ પૂરતી મર્યાદિત રહે."

મર્યાદિત ગતિશીલતાનો ખ્યાલ કલમ ૨.૨(સી)(૧) માં વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. યુએએસ લાયસન્સ કલમ ૨.૨(સી)(૨) દ્વારા સ્પષ્ટ કરે છે કે અપીલકર્તાઓ જેવા બેઝિક સેવા ઓપરેટરો યુનિફાઇડ એક્સેસ લાયસન્સ વ્યવસ્થામાં સ્થળાંતર કર્યા પછી તેવા ગ્રાહકો માટે મર્યાદિત ગતિશીલતા સેવા પણ આપી શકે છે જેઓ આવી ઇચ્છા રાખે છે.

આ સિવિલ અપીલોમાં આપણે સેવા તરીકે મર્યાદિત ગતિશીલતાના ખ્યાલ સાથે સંબંધિત છીએ જે એડીસી ને આકર્ષિત કરે છે.

કલમ ૨.૨(ડી)(૧) અન્ય બાબતોની સાથે આઇટીયુ-આરસીએ દ્વારા નિર્ધારિત ધોરણોના પાલન માટે જોગવાઈ કરે છે જે ઉપર ટાંકવામાં આવ્યા છે. અમે નીચે કલમ ૨.૨(ડી)(૧) ટાંકીએ છીએ, જે નીચે મુજબ વંચાય છે:

> "૨.૨ (ડી)(૧) લાયસન્સધારકને સર્કિટ અને/અથવા પેકેટ સ્વીચો સહિત કોઈપણ પ્રકારના નેટવર્ક સાધનોનો ઉપયોગ કરીને સેવા પૂરી પાડવાની મંજૂરી છે, જે સંબંધિત ઇન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (આઇટીયુ)/ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયરિંગ સેન્ટર (ટીઇસી) / આંતરરાષ્ટ્રીય માનકીકરણ સંસ્થાઓ જેમ કે ૩ GPP/૩ GPP-૨/ETSI/IETF/ANSI/EIA/TIA/IS ના ધોરણોને પૂર્ણ કરે છે".

**ઇન્ટરકનેક્શન યુઝેજ ચાર્જીસ ("આઇયુસી")/એડીસી નો અર્થ:**

૧૦. ૨૯.૧૦.૨૦૦૩ ના રોજ, ટ્રાયે આઇયુસી અધિસૂચિત કર્યું. એડીસી એ આઇયુસી નો એક ભાગ છે. એડીસી એ આવકની ટકાવારી છે. આઇયુસી વ્યવસ્થાનું

માળખું ટ્રાય દ્વારા તેના તારીખ ૨૪.૧.૨૦૦૩ ના રેગ્યુલેશન દ્વારા સ્થાપિત કરવામાં આવ્યું હતું જેની ત્યારબાદ ૨૯.૧૦.૨૦૦૩ અને ૬.૧.૨૦૦૫ ના રોજ સમીક્ષા કરવામાં આવી હતી. વિવિધ નેટવર્ક તત્વો માટે વપરાશની મિનિટો અને આ તત્વોના ખર્ચના આધારે આઇયુસી નક્કી કરવાનું રહેશે.

૧૧. બીજી બાજુ, એડીસી એ એનટીપી, ૧૯૯૯ દ્વારા જરૂરી મુજબ સાર્વત્રિક સેવા અને સાર્વત્રિક એક્સેસને પ્રોત્સાહન આપવા માટે, સામાન્ય માણસ માટે મૂળભૂત ટેલિકોમ સેવાઓ પોસાય તેવી બનાવવા માટે ખર્ચ આધારિત ભાડું, સ્થાનિક કૉલ ચાર્જીસ, ગ્રામીણ વિસ્તારોમાં ઓછું ભાડું, મફત કૉલ્સ વગેરેની વિચારણા પર આધારિત છે. એ નોંધવું અગત્યનું છે કે એડીસી કોઈ કાનૂની અધિકારમાંથી ઉદ્ભવતો નથી. તે સ્પર્ધા દરમિયાન સંક્રમણ પ્રક્રિયાને સરળ બનાવવાની ટ્રાયની વિચારણામાંથી ઉદ્ભવે છે, એટલે કે, સંક્રમણ સમયગાળા દરમિયાન ટેકો પૂરો પાડવો જ્યારે બજારમાં સ્પર્ધાને કારણે હાલની ટેરિફ વ્યવસ્થા હેઠળ એક્સેસ લાઇનના માસિક ભાડામાંથી થતી આવકમાંથી એક્સેસનો ખર્ચ સંપૂર્ણપણે વસૂલ કરી શકાતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો, એડીસી હેતુ માટે એડીસી એ ઘટતી જતી વ્યવસ્થા છે. ડબલ્યુએલએલ(એફ) ના/પર કોલ્સ ફિક્સ્ડ લાઇનોના/પરના કોલ્સ સમાન છે. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે ફિક્સ્ડ સેવા પ્રદાતાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી ફિક્સ્ડ વાયરલેસ સેવાઓ અને યુનિફાઇડ એક્સેસ સર્વિસ લાયસન્સને ફિક્સ્ડ સેવાઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જો કે, તમામ હેતુઓ માટે ફિક્સ્ડ વાયરલેસ સેવાઓ સંપૂર્ણ સેલ્યુલર સેવાઓ સમાન છે

અને સમગ્ર એસડીસીએ માં સીમલેસ રીતે ઓફર કરી શકાય છે જેણે ફિક્સ્ડ વાયરલેસ સેવા પ્રદાતાઓ સામે સેલ્યુલર ઓપરેટરો માટે સમાન તકનું ક્ષેત્ર ન હોય તેવી સ્થિતિ બનાવી છે, જેણે હાલના વિવાદને જન્મ આપ્યો છે, જે એડીસી લાદવાના સંદર્ભમાં મુખ્યત્વે હાલના અપીલકર્તાઓ અને રિલાયન્સ ઈન્ફોકોમ દ્વારા પૂરા પાડવામાં આવતા ફિક્સ્ડ વાયરલેસ ટર્મિનલ્સની "ગતિશીલતાની શ્રેણી" સાથે સંબંધિત છે અને અપીલકર્તાઓ દ્વારા પૂરા પાડવામાં આવતા સાધન "વોકી" (રિલાયન્સ ઈન્ફોકોમ દ્વારા પૂરા પાડવામાં આવતા હેન્ડસેટ) ના કદ અથવા તેમાં વપરાતી ટેકનોલોજી એટલે કે વાયરલેસ કે વાયરલાઇન સાથે નહીં.

**રજૂઆતો:**

૧૨. અપીલકર્તાઓ તરફે વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી અરુણ જેટલી રજૂઆત કરે છે કે આ કેસમાં નક્કી કરવાનો પ્રશ્ન એ છે કે શું અપીલકર્તાઓનું સાધન ("વોકી") ફિક્સ્ડ વાયરલેસ સેવાની શ્રેણીમાં આવે છે કે ડબલ્યુએલએલ(એમ) સેવામાં. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૯૭ ("૧૯૯૭ નો અધિનિયમ") હેઠળ વર્ગીકરણનો પ્રશ્ન માત્ર ટ્રાય દ્વારા જ નક્કી કરી શકાય છે અને બીએસએનએલ દ્વારા નહીં જેમ કે હાલના કેસમાં કરવામાં આવ્યું હોવાનું જણાય છે, ખાસ કરીને જ્યારે બીએસએનએલ એક સ્પર્ધાત્મક સેવા પ્રદાતા છે અને આઇયુસી રેગ્યુલેશન્સ હેઠળ કરાર કરનાર પક્ષકાર છે. આ કેસમાં, બીએસએનએલે ૧૪.૧૧.૨૦૦૪ થી ૨૬.૮.૨૦૦૫ ના સમયગાળા માટે અપીલકર્તાઓ પાસેથી એડીસી ની માંગણી કરી છે. વિદ્વાન વકીલે ભારપૂર્વક

જણાવ્યું હતું કે, અપીલકર્તાઓના જણાવ્યા મુજબ, સાધન "વોકી" એ એક ફિક્સ્ડ વાયરલેસ ફોન છે જે તેની સુવિધા તરીકે પોર્ટેબિલિટી ધરાવે છે. બીએસએનએલ પાસે સદર સાધનને મોબાઇલ ફોન તરીકે વર્ગીકૃત કરવાની કોઈ સત્તા નહોતી.

૧૩. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, ઉપર જણાવેલ ડબલ્યુએલએલ(એમ) એ એક સેવા છે. તે મોબાઈલ સેટનો સંદર્ભ આપે છે અને પોર્ટેબલ એફડબલ્યુપી નો નહીં અને તેથી, સદર સાધન "વોકી" જે પોર્ટેબલ છે તેને ડબલ્યુએલએલ(એમ) તરીકે વર્ગીકૃત કરી શકાય નહીં. કોઈપણ સંજોગોમાં, વર્ગીકરણના વિવાદો ૧૯૯૭ ના અધિનિયમ હેઠળ ટ્રાય સમક્ષ રહેલા છે અને બીએસએનએલ પાસે સદર "વોકી" ને ડબલ્યુએલએલ(એમ) તરીકે વર્ગીકૃત/પુનઃવર્ગીકૃત કરવાની કોઈ સત્તા નથી. આ સંદર્ભમાં, એવી રજૂઆત કરવામાં આવી છે કે બીએસએનએલ ટ્રાય સમક્ષ તેની ફરિયાદ નોંધાવી શક્યું હોત અને આવા પુનઃવર્ગીકરણ પછી બીએસએનએલ અપીલકર્તાઓને એડીસી ચૂકવવા માટે એકપક્ષીય રીતે કહી શક્યું ન હોત. અપીલકર્તાઓ વતી ઉઠાવવામાં આવેલ પ્રશ્નો છે: એડીસી કોણ ચૂકવે છે? કોણ ચૂકવે છે તે કોણ નક્કી કરે છે? આ સંદર્ભમાં, વધુમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે ૧૯૯૭ ના અધિનિયમની કલમ ૧૧(બી)(૨) હેઠળ, ઇન્ટર–કનેક્ટિવિટી આપવા માટેની શરતો અને નિયમો ટ્રાય દ્વારા નક્કી કરવાના હોય છે; આમ કરવું એ ટ્રાયનું ફરજિયાત કાર્ય છે અને તેથી, પુનઃવર્ગીકરણ કરવું અને અપીલકર્તાઓ પર એડીસીની જવાબદારી નક્કી કરવી એ બીએસએનએલની ક્ષમતા બહારની બાબત છે.

૧૪. વિદ્વાન વકીલે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૧૯૯૭ થી ૨૦૦૪ સુધી, સદર "વોકી" બીએસએનએલની જાણમાં બજારમાં હતું; બજાર ત્રણેય સેવાઓ વચ્ચેનો તફાવત જાણતું હતું અને સદર સાધન ઉપરોક્ત સમયગાળા દરમિયાન ડબલ્યુએલએલ(એફ) તરીકે વર્ગીકૃત થયેલું હતું. ભારત સરકારે પણ તેને ડબલ્યુએલએલ(એફ) તરીકે ગણ્યું હતું. હાલના કેસમાં, અપીલકર્તાઓએ માત્ર એ આધાર પર બીએસએનએલની માંગણીને રદ કરવા માટે ટીડીએસએટી નો આશરો લીધો હતો કે બીએસએનએલ પાસે સદર સાધનને ફિક્સ્ડમાંથી ડબલ્યુએલએલ(એમ) સેવામાં પુનઃવર્ગીકૃત કરવાની કોઈ સત્તા નહોતી. બીએસએનએલ એડીસીની ચૂકવણી કર્યા વિના "વોકી" ના ઉપયોગને ટ્રાય સમક્ષ પડકારી શક્યું હોત જે કિસ્સામાં સદર સત્તામંડળે વર્ગીકરણ વિવાદ હાથ પર લઈને નક્કી કર્યો હોત, પરંતુ તેમ કરવામાં આવ્યું ન હતું.

૧૫. આગળ એવી રજૂઆત કરવામાં આવી છે કે એક સાધન તરીકે "વોકી" પોર્ટેબલ છે, મોબાઈલ નથી અને તેથી, બીએસએનએલ દ્વારા વોકીનું ડબલ્યુએલએલ(એમ) તરીકે પુનઃવર્ગીકરણ કરવામાં ભૂલ કરવામાં આવી છે. ટીડીએસએટીના વાદગ્રસ્ત નિર્ણયને સવાલ ઉઠાવતા, અપીલકર્તાઓ તરફે એવી રજૂઆત કરવામાં આવી છે કે ટીડીએસએટી દ્વારા પોર્ટેબિલિટીને મોબિલિટી સમકક્ષ ગણવામાં ભૂલ કરવામાં આવી છે. તે બંને વિભાવનાઓ અલગ છે. ટેલિકોમ્યુનિકેશન ઈન્ટરકનેક્શન યુસેજ ચાર્જિસ રેગ્યુલેશન્સ, ૨૦૦૩ ("૨૦૦૩ ના રેગ્યુલેશન્સ") માં ડબલ્યુએલએલ(એમ) અને ડબલ્યુએલએલ(એફ) ને સેવાના

અલગ વર્ગ તરીકે ગણવામાં આવ્યા છે. ટેકનોલોજી અથવા સાધનમાં કોઈપણ ફેરફારની ગેરહાજરીમાં અને માત્ર અપીલકર્તાઓ દ્વારા આપવામાં આવેલી જાહેરાતના કારણે, સેવાનું સ્વરૂપ કે તેનું વર્ગીકરણ બદલાઈ શકે નહીં. આ સંબંધમાં એ નોંધી શકાય કે અપીલકર્તાઓએ એક જાહેરાત (આંક-પી૮) આપી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે "વોકી" મોબાઈલ ફોન અને લેન્ડલાઇનની શ્રેષ્ઠ વિશેષતાઓને જોડે છે. બીએસએનએલ દ્વારા ૨૦૦૩ ના રેગ્યુલેશન્સના નિયમ ૬ નો આશરો લઈને સદર જાહેરાત અંગે ટ્રાઈ સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી જેમાં "વોકી" ને ડબલ્યુએલએલ(એફ) તરીકે દર્શાવવામાં આવ્યું હતું અને જ્યારે આ બાબત સત્તામંડળ સમક્ષ ન્યાયધીન હતી, ત્યારે બીએસએનએલ દ્વારા અપીલકર્તાઓ પર એડીસીની એકપક્ષીય માંગણી ઊભી કરવામાં આવી જે ગેરસમજભરી હતી. બીએસએનએલ અને અપીલકર્તાઓ વચ્ચેના કરાર હેઠળ, એક્સેસ સુવિધાને એકપક્ષીય રીતે ડિસ્કનેક્ટ કરવાની કોઈ જોગવાઈ નહોતી.

૧૬. વિદ્વાન કાઉન્સેલે રજૂઆત કરી હતી કે અપીલકર્તાઓ દ્વારા ટીડીએસએટી સમક્ષ ઊભા કરવામાં આવેલા વિવાદમાં એકમાત્ર પ્રશ્ન બીએસએનએલ તરફથી કરવામાં આવેલ એકપક્ષીયતા અંગેનો ઉઠાવવામાં આવ્યો હતો જેનો નિર્ણય કરવામાં ટીડીએસએટી નિષ્ફળ ગયું હતું અને તેથી, આ કેસ ટ્રાઈને પરત મોકલવો જરૂરી છે. આ સંદર્ભમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે કન્સલ્ટેન્સી પેપરના ક્લોઝ ૨.૭ હેઠળ "પોર્ટેબિલિટીનો વ્યાપ" એ સત્તામંડળ દ્વારા

નિર્ણિત થવાનો બાકી પ્રશ્ન હતો અને નિર્ણય બાકી હોવા છતાં, બીએસએનએલ પાસે માંગણી કરવાનો કોઈ અધિકાર નહોતો.

૧૭. ટેકનોલોજી પર, વિદ્ધાન કાઉન્સેલે રજૂઆત કરી હતી કે એડીસીની વિભાવના દાખલ કર્યા પછી, સેવાઓની શ્રેણીઓ ફિક્સ્ડ વાયરલાઇન, ડબલ્યુએલએલ(એફ), ડબલ્યુએલએલ(એમ) અને સેલ્યુલર હતી જેને હવે બીએસએનએલ અને ડીઓટી દ્ધારા એકપક્ષીય રીતે ફિક્સ્ડ વાયરલાઇન; ડબલ્યુએલએલ(એફ)=ડબલ્યુએલએલ(એમ) અને સેલ્યુલર તરીકે પુનઃવર્ગીકૃત કરવામાં આવી છે. વિદ્ધાન કાઉન્સેલે રજૂઆત કરી હતી કે જો ડબલ્યુએલએલ(એફ) ને ડબલ્યુએલએલ(એમ) માં ફેરવવાનું હોય, તો તે પ્રશ્ન સત્તામંડળ દ્ધારા તપાસવો જરૂરી છે, તેથી કેસ રિમાન્ડ કરવો જરૂરી બને છે કારણ કે આવું પુનઃવર્ગીકરણ બીએસએનએલ દ્ધારા એકપક્ષીય રીતે થઈ શકે નહીં. વિદ્ધાન કાઉન્સેલ રજૂઆત કરે છે કે એડીસી માટે યોગ્ય વર્ગીકરણ માત્ર ટ્રાઈ દ્ધારા જ થઈ શક્યું હોત અને બીએસએનએલ/ડીઓટી દ્ધારા નહીં અને તે પણ ૧૯૯૭ ના એક્ટની કલમ ૧૧ હેઠળની પ્રક્રિયાનું પાલન કર્યા પછી જ.

૧૮. વિદ્ધાન કાઉન્સેલે આગળ એવી રજૂઆત કરી હતી કે ન તો લાયસન્સમાં કે ન તો ૨૦૦૩ ના રેગ્યુલેશન્સમાં પરિસર વિશિષ્ટ પ્રતિબંધ ક્યારેય લાદવામાં આવ્યો છે અને તેથી, વાદગ્રસ્ત માંગણી કરવા માટે બીએસએનએલ માટે કોઈ

અવકાશ નહોતો કારણ કે સંબંધિત સમયગાળા દરમિયાન સદર પ્રતિબંધ અસ્તિત્વમાં નહોતો. આ સંદર્ભમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે ૧૯૯૭ થી નવેમ્બર, ૨૦૦૪ વચ્ચેના સમગ્ર સમયગાળા દરમિયાન, ડીઓટી પણ સમગ્ર એસડીસીએમાં "વોકી" ને પોર્ટેબલ માનતું હતું; માત્ર માર્ચ, ૨૦૦૫ માં તેણે લાયસન્સ અથવા આઈયુસી રેગ્યુલેશન્સ ૨૦૦૩ માં કોઈપણ ફેરફાર કર્યા વિના ઉપરોક્ત "પરિસર વિશિષ્ટ પ્રતિબંધ" નો સમાવેશ કરીને અપીલકર્તાઓને તેનાથી વિરુદ્ધ નિર્દેશો આપ્યા હતા; તારીખ ૪.૩.૨૦૦૫ સુધી સદર પ્રતિબંધનો ક્યારેય ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો; ૧૯૯૭ ના એક્ટની કલમ ૧૧ નું પાલન કર્યા વિના, ટ્રાઈ તારીખ ૪.૩.૨૦૦૫ ના રોજ આવો નિર્દેશ જારી કરી શકી ન હોત, ખાસ કરીને જ્યારે તે પૂર્વવર્તી અસરથી એડીસી ચૂકવવાની જવાબદારી લાદવાનો પ્રયાસ કરે છે. વિદ્વાન કાઉન્સેલ રજૂઆત કરે છે કે, સંજોગો અનુસાર, વર્ગીકરણ/પુનઃવર્ગીકરણની બાબત ઉપસ્થિત થાય છે જેનો નિર્ણય ટ્રાઈ દ્વારા લેવામાં આવવો જરૂરી છે.

૧૯. સામાવાળા નંબર ૧ બીએસએનએલ તરફે ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી ગોપાલ સુબ્રમણ્યમ, શરૂઆતમાં રજૂઆત કરે છે કે, હાલની સિવિલ અપીલ નિરર્થક છે. આ સંબંધમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે ટ્રાઈ દ્વારા જારી કરાયેલ તારીખ ૪.૩.૨૦૦૫ ના પરિપત્ર દ્વારા, તમામ એક્સેસ પ્રોવાઈડર્સને (જેમાં હાલના અપીલકર્તાઓ પણ સામેલ છે) એ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપવામાં

આવ્યો હતો કે ફિક્સ્ડ વાયરલેસ સર્વિસીસ માટે વપરાતું ટર્મિનલ ગ્રાહકના પરિસર પૂરતું જ મર્યાદિત હોવું જોઈએ કારણ કે મોબિલિટીનો મુદ્દો મહેસૂલી અસરો ધરાવતો હતો. વિદ્વાન કાઉન્સેલ રજૂઆત કરે છે કે આ પરિપત્રને આજ દિન સુધી પડકારવામાં આવ્યો નથી અને તેથી, હાલની સિવિલ અપીલ નિરર્થક છે.

૨૦. આગળ એવી રજૂઆત કરવામાં આવી છે કે અપીલકર્તાઓની એવી દલીલમાં કોઈ દમ નથી કે જ્યારે વિચારણા પ્રક્રિયા ચાલુ હતી ત્યારે બીએસએનએલ માંગણી કરી શક્યું ન હોત કારણ કે તે પ્રક્રિયામાં પ્રશ્ન પુનઃવર્ગીકરણનો નહોતો પરંતુ પ્રશ્ન એ હતો કે શું બીએસએનએલ ઉપરાંત અન્ય ફિક્સ્ડ સર્વિસ પ્રોવાઇડર્સને એડીસી ચૂકવવાપાત્ર હતી કે કેમ. આ સંદર્ભમાં એ દર્શાવવામાં આવ્યું હતું કે તારીખ ૧.૨.૨૦૦૫ પહેલાં, હાલના અપીલકર્તાઓ "વોકી" ના સંબંધમાં ફિક્સ્ડ સર્વિસ પ્રોવાઇડર તરીકે એડીસી મેળવતા હતા, જોકે, તે તારીખ પછી માત્ર બીએસએનએલ જ એડીસી માટે હકદાર બન્યું જેના કારણે વિવાદો સર્જાયા. એવી રજૂઆત કરવામાં આવી છે કે ન તો કન્સલ્ટેશન પેપર કે ન તો ૨૦૦૩ ના રેગ્યુલેશન્સ ડબલ્યુએલએલ(એમ) સેવાઓની લાક્ષણિકતાઓ સાથે સંબંધિત હતા કારણ કે તે મુદ્દો ટ્રાઈ દ્વારા તારીખ ૪.૩.૨૦૦૫ ના પરિપત્ર તેમજ ડીઓટી દ્વારા જારી કરાયેલ તારીખ ૨૬.૮.૨૦૦૫ ના આદેશ દ્વારા નિર્ણિત થઈ ચૂક્યો હતો જેના દ્વારા એવું ઠેરવવામાં આવ્યું હતું કે અપીલકર્તાએ ફિક્સ્ડ વાયરલેસ ટર્મિનલ્સને મોબાઇલ ટર્મિનલ્સ તરીકે પૂરા પાડ્યા હતા. ડીઓટીના સદર આદેશનું અપીલકર્તા દ્વારા

પાલન કરવામાં આવ્યું હતું અને તેથી, એકપક્ષીયતાના મુદ્દે અપીલકર્તાની રજૂઆતમાં કોઈ દમ નહોતો. ડીઓટી દ્વારા તારીખ ૨૬.૮.૨૦૦૫ નો સદર આદેશ કારણદર્શક નોટિસ આપ્યા બાદ પસાર કરવામાં આવ્યો હતો. તે અપીલકર્તાઓ દ્વારા લાયસન્સની શરતોના ભંગ પર આધારિત છે.

૨૧. ટેકનોલોજી પર, બીએસએનએલ તરફે એવી રજૂઆત કરવામાં આવી છે કે, ડબલ્યુએલએલ(એમ) એ એક સેવા છે જે "વોકી" માં મૂકવામાં આવી છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે ડબલ્યુએલએલ(એમ) એ "વોકી" સાધન દ્વારા આપવામાં આવતી સેવા છે. સેવા સુસંગત છે, સાધન નહીં. એવી રજૂઆત કરવામાં આવી છે કે હાલના અપીલકર્તાઓએ સેવાના લક્ષણીકરણના પ્રશ્ન પર ટીડીએસએટીના મૂળ અધિકારક્ષેત્રનો આશરો લીધો હતો જેનો જવાબ બીએસએનએલની તરફેણમાં આપવામાં આવ્યો છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે સાધનનું સ્વરૂપ અને વર્ગીકરણ સુસંગત નહોતું; જે સુસંગત હતું તે "વોકી" સાધનમાં રહેલી સેવાની વિશેષતા હતી અને શું તે વિશેષતા તેને ડબલ્યુએલએલ(એમ) સેવા બનાવે છે, જેને એડીસી લાગુ પડે છે. આ તમામ પ્રશ્નોના જવાબો ટીડીએસએટી દ્વારા તેના વાદગ્રસ્ત ચુકાદા દ્વારા બીએસએનએલની તરફેણમાં આપવામાં આવ્યા છે. વાદગ્રસ્ત ચુકાદા દ્વારા, ટીડીએસએટી દ્વારા ઠેરવવામાં આવ્યું છે કે નિયમનકારી વ્યવસ્થા હેઠળ વોકી કોલ્સ પર એડીસી લાગુ પડે છે.

૨૨. આગળ એવી રજૂઆત કરવામાં આવી હતી કે હકીકતો પર કોઈ એકપક્ષીયતા નહોતી કારણ કે બીએસએનએલ દ્વારા માંગણી માત્ર ત્યારે જ કરવામાં આવી હતી જ્યારે ટ્રાઈ અને ડીઓટી દ્વારા અનુક્રમે ઉપરોક્ત પરિપત્ર અને નિર્દેશ જારી કરવામાં આવ્યા હતા જેને પડકારવામાં આવ્યા નથી. એ દર્શાવવામાં આવ્યું છે કે વાસ્તવમાં અપીલકર્તાઓએ ડીઓટીના આદેશનું પાલન કર્યું છે. વિદ્વાન કાઉન્સેલ એવી રજૂઆત કરશે કે જો ડીઓટીના તારીખ ૨૬.૮.૨૦૦૫ ના આદેશ/નિર્દેશનું પાલન કરવામાં આવ્યું હતું, તો એવું કોઈ કારણ નથી કે અપીલકર્તાઓએ પ્રશ્ન હેઠળના સમયગાળા એટલે કે તારીખ ૧૪.૧૧.૨૦૦૪ થી ૨૬.૮.૨૦૦૫ માટે એડીસી કેમ ન ચૂકવવી જોઈએ. વિદ્વાન કાઉન્સેલના જણાવ્યા અનુસાર, ડીઓટીના તારીખ ૨૬.૮.૨૦૦૫ ના આદેશનું પાલન પોતે દર્શાવે છે કે અપીલકર્તાઓના મતે પણ, તે સેવા એટલે કે ડબલ્યુએલએલ(એમ) ના સંબંધમાં એડીસી ચૂકવવાપાત્ર હતી અને તેથી, અપીલકર્તાઓ તરફે કરવામાં આવેલી દલીલમાં કોઈ દમ નથી કે લાયસન્સની શરતો અથવા ૨૦૦૩ ના રેગ્યુલેશન્સમાં ફેરફાર કર્યા વિના એડીસી વસૂલી શકાય નહીં.

૨૩. ત્યારબાદ એવી રજૂઆત કરવામાં આવી હતી કે ૨૦૦૩ ના રેગ્યુલેશન્સ હેઠળ, ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ, મોબાઇલ વાયરલેસ એક્સેસ અને નોમેડિક વાયરલેસ એક્સેસનો સંદર્ભ લેવામાં આવ્યો છે. ટીડીએસએટી સમક્ષ, એસડીસીએમાં ડબલ્યુએલએલ(એમ) સેવા અંગે વિવાદ હતો. અમારી સમક્ષ એવી

રજૂઆત કરવામાં આવી હતી કે એડીસીની વસૂલાત એસડીસીએમાં વોકીની હિલચાલ પર નથી પરંતુ તે એસડીસીએમાં પૂરી પાડવામાં આવેલી સેવાના સંદર્ભમાં છે. તે, ડબલ્યુએલએલ(એમ) એ એસડીસીએ અંદરની એક પ્રકારની સેવા છે.

૨૪. વિદ્વાન કાઉન્સેલ એવી રજૂઆત કરશે કે ૨૦૦૩ માં યુનિફાઇડ એક્સેસ સર્વિસ લાયસન્સ ("યુએએસએલ") ની શરૂઆત સાથે ફિક્સ્ડ વાયરલેસ, ડબલ્યુએલએલ(એમ) અને મોબાઇલ વચ્ચેનો તફાવત નાબૂદ થઈ ગયો હતો. સદર યુએએસએલ ૨૦૦૩ નંબરિંગ પ્લાન લાવ્યું જેણે બિલિંગ હેતુઓ માટે કોલને ઓળખવા અને માપવા માટે સદર પ્લાનમાં શ્રેણીઓનું વર્ગીકરણ કર્યું. તે, યુએએસએલના ક્લોઝ ૨ ના સંદર્ભમાં, "મોબિલિટી" એસડીસીએ અંદરની સેવા(ઓ) નો સંદર્ભ આપે છે.

૨૫. બીએસએનએલના વિદ્વાન કાઉન્સેલની ઉપરોક્ત દલીલોને કેબલ ઓપરેટર્સ એસોસિએશન તરફે ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ ડૉ. એ.એમ. સિંઘવી દ્વારા અપનાવવામાં આવી હતી.

૨૬. ઇન્ટરવીનર–ટ્રાઈ તરફે ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી રાકેશ દ્વિવેદી એવી રજૂઆત કરશે કે નવેમ્બર, ૨૦૦૦ માં, ટ્રાઈ દ્વારા લિમિટેડ મોબિલિટી સર્વિસ એટલે કે ડબલ્યુએલએલ(એમ) ની ભલામણ કરવામાં આવી હતી, તારીખ ૨૫.૧.૨૦૦૧ ના રોજ ડીઓટી દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી, જ્યારે વોકી માત્ર ઓક્ટોબર, ૨૦૦૪ માં બજારમાં આવી હતી. વિદ્વાન કાઉન્સેલના જણાવ્યા અનુસાર, આઈયુસી રેગ્યુલેશન્સ, ૨૦૦૧ દ્વારા, ડબલ્યુએલએલ(એમ) ને

